2565


# જૈન

પર્યુષણ વિશેષાંક

વર્ષ ૭૮ * અંક ૨૧/૨૨


## ક્ષમા

( ભુજંગી છંદ )

ધરો દિલમાં વાત એક જ મારી, ક્ષમા માગજો–આપજો હિતકારી;
ટળે ક્રોધ ને કલેશ સંતાપકારી, ક્ષમા ધર્મનો મર્મ કલ્યાણકારી....૧

ક્ષમા શક્તિ સંઘર્ષ નિવારનારી, રાગ–દ્વેષના દ્વન્દ્વને ટાળનારી;
સર્વત્ર શાંતિ વિસ્તારનારી, ક્ષમા ધર્મનો મર્મ કલ્યાણકારી....૨

યુગ યુગથી અચિંત્ય પ્રભાવશાલી, ક્ષમા તું રહી પ્રેરણા અર્પનારી;
મનના તરંગોને શાંત કરનારી, ક્ષમા ધર્મનો મર્મ કલ્યાણકારી....૩

મારું અને તમારું ભુલાવનારી, તું છે મહા દૈર્ય શક્તિની બારી;
સદા પ્રેમને તું વિકસાવનારી, ક્ષમાધર્મનો મર્મ કલ્યાણકારી... ૪

સંવત્સરિ પર્વ આનંદકારી, ખમો ને ખમાવો તમે દિલધારી;
થશે દૂર સંતાપ કષ્ટદાયી, ક્ષમા ધર્મનો મર્મ કલ્યાણકારી....૫

—ચીમનલાલ એમ. શાહ 'કલાધર' (મુંબઈ)

વીર સં. ૨૫૦૭ શ્રાવણ વદ ૧૨
બુધવાર, તા. ૨૬ ઓગષ્ટ ૧૯૮૧
સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : પ્રકાશક : મુદ્રક
ગુલાબચંદ દેવચંદ શેઠ

જૈન

વાર્ષિક લવાજમ રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય રૂા. ૩૦૧/-
જાહેરખબરના પેજના રૂા ત્રણસો
: કાર્યાલય :
'જૈન' સાપ્તાહિક ઓફિસ
વડવા, ભાવનગર-૩૬૪ ૦૦૧

# લાખેણો-અવસર

દિવસ ઉગે છે ને પાપનાં કામ શરૂ કરીએ છીએ. રાત પડે છે ને પાપનાં વિચાર કરતા કરતા પથારીમાં પડીએ છીએ-જાણે માથા નીચેનું ઓશીકું જ કાનમાં પાપની વાતો સંભળાવ્યા કરે છે!

અને ફરી પાછા વહાણું વાતાં ઊઠીએ એટલે રાતના એ પાપિયા વિચારો આપણા તનમનનો કબજો લઈ બેસે છે; અને આપણે ન કરવા જેવા કામો કરવામાં એવા પરોવાઈ જઈએ છીએ કે જાણે આપણે માનવી અને પશુ વચ્ચેનો ભેદ જ ભૂલી જઈએ છીએ અને ક્યારેક તો, માનવતાને વિસારે પાડીને પશુઓને પણ સારાં કહેવરાવે એવાં અકાર્ય કરવામાં રાચીએ છીએ!

આવા વખતે તો એમ જ માનવાનું મન થાય છે કે માનવ જેવું ભયંકર, ઘાતકી અને ઝનૂની બીજું કોઈ પ્રાણી નહીં હોય! સારમાણસાઈ વગરના માનવદેહધારીએ કેવાં કેવાં યુદ્ધો આદર્યા છે, દુનિયામાં કેટકેટલી તારાજી સર્જી છે, અને કેટકેટલાં નર-પશુઓનો સંહાર કર્યો છે! દાનવ બનેલા માનવની ક્રૂરતા અને સંહારલીલાને જાણે કોઈ અવધિ જ નથી રહેતી!

રાગ-દ્વેષની પરિણતિ આપણને કેટલું બધું ભાન ભૂલાવી દે છે!

ક્રોધ માનવીને દાવાનળ જેવો બિહામણો બનાવી મૂકે છે. માનની મદિરા માનવીનું સર્વનાશ નોતરે છે માયાજાળ માનવીને કારમા છળ-પ્રપંચની ઊંડી ખાઈમાં નાખી દે છે. અને લોભ! લોભ તો માનવીને એક-બે-પાંચ નહીં પણ અઢારે પાપસ્થાનોનો રસિયો બનાવી દે છે!

અને, આ બધું ઓછું હોય એમ, ઈંદ્રિયોના ભોગો ભોગવવાની વાસના કે કામનાનો ગુલામ બનેલો માનવી અધોગતિને આવકાર આપે એવાં કેવાં કેવાં નઠારાં કામ કરે છે!

આમ, રાગ-દ્વેષ, કષાયો અને વાસનાઓના બંધનમાં ફસાઈ ગયેલો માનવી, માનવતાનો રાહ ભૂલીને, પાપનાં પોટલાં બાંધે છે અને સર્વશ્રેષ્ઠ ગણાતા માનવજન્મના સારને ગુમાવી બેસે છે.

પાપ કોનાથી નથી થતું? ભૂલ કોનાથી નથી થઈ જતી? દોષ કોનાથી નથી સેવાઈ જતો?

પણ, આવા દોષભર્યા પ્રસંગે પણ જે, અંતરને કઠણ બની જતું રોકીને, કૂણું રાખે છે અને પાપનો પશ્ચાત્તાપ કરીને, એનું પ્રાયશ્ચિત લેવાની તત્પરતા દાખવીને, પાપથી પાછા હટવાનો-પ્રતિક્રમણ કરવાનો-સત્પ્રયત્ન કરે છે, એના પાપનો ભાર હળવો થાય છે અને ક્રમે ક્રમે એ પુણ્યના, ધર્મના અને મોક્ષના માર્ગનો પ્રવાસી બનીને આત્મકલ્યાણનો અધિકારી બને છે.

આવો સત્પ્રયત્ન આદરવાની પ્રેરણા આપતા શ્રી પર્યુષણા મહાપર્વનો લાખેણો અવસર આવી પહોંચ્યો છે.

એ લાખેણા અવસરનું ઉલ્લાસથી સ્વાગત કરીએ અને બને તેટલી વધુ ધર્મકરણી કરીને આત્માને નિર્મળ કરવા સજ્જ બનીએ.

# પધાર્યા પર્વાધિરાજ, ચાલો આરાધીએ...

-: લેખક :-
પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ ચરણરેણું
આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ–ઉદયપુર

જૈન શાસનમાં કર્મનિર્જરા માટે ફરમાવેલ અનેક પર્વોમાં પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વનું સ્થાન નિરાળું છે, અને એથી જ આ મહાપર્વનું આગમન ભવ્યાત્માના હૈયાને થનગનાવી મૂકે છે.

મહાપુણ્યયોગે મળેલા માનવભવમાં દુર્લભાતિદુર્લભ જૈનશાસન પામ્યા બાદ કરવા યોગ્ય હોય તો કેવળ સકામ નિર્જરા જ છે એવું જેના હૈયામાં ઓતપ્રોત થઈ ગયું છે એવા આત્માને આ પર્વાગમન દુન્યવી કોઈ પણ રિદ્ધિ–સિદ્ધિ કે સંપત્તિની પ્રાપ્તિ કરતાં કંઇ ગણું અધિક મૂલ્યવાન લાગે છે.

પૂનમના ચન્દ્રમાના દર્શનથી સમુદ્રમાં આવતી પાણીની ભરતીની જેમ આ પર્વાગમનથી આરાધક આત્માના હૈયામાં ભાવનાના ઓઘ ઊભરાય છે.

જીવનમાં કદી ન વિચારેલ ભાવનાના પ્રાદુર્ભાવમાં અને એ ભાવના પ્રમાણે અશકય જણાતા એવા તપ આદિ આચરણમાં પર્યુષણા મહાપર્વની પધરામણી જ મહાન્ નિમિત્તભૂત છે.

બાર મહિનામાં કદીયે ઉપાશ્રયના પગથિયે ન ચડનાર એવા આત્માઓને હોંશે હોંશે દેરાસર અને ઉપાશ્રયે આવવાનું મન કરાવનાર અને જેઓને એકાદ કલાક પણ ભૂખે રહેવાનું ભારે પડે એવા જીવોને પણ ઉપવાસ, અઠ્ઠમ અને અઠ્ઠાઈ જેવી મહાન્ તપશ્ચર્યા કરાવનાર આ મહાપર્વ જ છે.

આરાધક આત્માને આ મહાપર્વ મોહ–વિષધરના કાતિલ ઝેરને ઉતારવામાં અંગુલિમંત્ર જેવું, અનેક ભવોના દુષ્ટ અધ્યવસાયોથી બાંધેલા ચીકણાં કર્મરૂપી પર્વતોને ભેદવામાં વજ્રના પ્રહાર સરખું, સંસાર–સાગરમાં પોતાના આત્મારૂપી નૌકાને ડૂબતી બચાવી ઉપર લાવી સામે કિનારે પહોંચાડનાર કપ્તાન સમું અને અનેક ભવોથી લાગેલા કર્મરોગને દૂર કરવા માટે દિવ્ય ઔષધ જેવું લાગે છે.

આ પર્વના દિવસોમાં આરાધક જીવને આરાધના સિવાય બીજુ કાંઈ રુચે જ નહિ.

એને એમ જ થાય કે ખાવાનું–પીવાનું, કમાવાનું વળી ઓઢવાનું, પહેરવાનું ને હળવા–મળવાનું તો આ જીવ હરહંમેશ કરતો જ આવ્યો છે, આ દિવસોમાં આવું બધું કરીને મારે મારા આત્માને ભારે નથી બનાવવો. કર્મ બાંધવાના ઘણા દિવસો આવે છે પણ છોડવાના ઘણા ઓછા હોય છે, એ ઓછા પૈકીના જ આ મહાન દિવસો છે. તો મારાથી સધાય એટલું સાધી લઉં.

વળી પોસહ, પ્રતિક્રમણ અને વ્યાખ્યાનશ્રવણ કરું, સચિત્ત ત્યાગ, આરંભ-સમારંભ ત્યાગ, નિન્દા–વિકથા ત્યાગ ક્રોધાદિ કષાય ત્યાગ, મૈથુન ત્યાગ કરવાપૂર્વક દાન–શીયળ અને તપમાં શુદ્ધ ભાવનાથી મારા વીર્યોલ્લાસને ફોરવું.

આ દિવસોના પરમાણુઓમાં પણ એ તાકાત છે કે આત્માના મન્દ પરિણામોને તીવ્ર બનાવે. વર્ષ દરમ્યાનમાં આ આઠ જ દિવસ એવા આવે છે કે જેમાં જ્યોતિષ ચક્રમાં અધિપતિ ગણાતા ગ્રહો સૂર્ય અને ચન્દ્ર બન્ને સ્વગૃહી બને છે. આ કારણે આ દિવસોમાં કુદરતી વાતાવરણ પણ ઘણું પ્રફુલ્લિત અને મધુર હોય છે.

આ મહાપર્વમાં અમારિ પ્રવર્તન, સાધર્મિક ભક્તિ, ક્ષમાપના, અઠ્ઠમ તપ અને ચૈત્યપરિપાટી આદિ પાંચ કર્તવ્યો કરવાનું ખાસ વિધાન આવે છે. આ પાંચ પૈકીના ત્રીજા ક્ષમાપના કર્તવ્ય અંગે આપણે કંઈક વિચાર કરીએ.

કષાયના ભારથી ભારે અને મલિન બનેલા આત્માને હળવો અને નિર્મળ બનાવનાર કોઈ ગુણ હોય તો તે

# શ્રી મુંબઈ જીવદયા મંડળી

## સન ૧૯૮૧ અમૃત મહોત્સવ વર્ષ ઉજવે છે

આ ઉત્સવમાં સહાય કરવી એટલે શું ?

૧ પ્રતિ વર્ષ સેંકડો જીવોને અપાતા પ્રત્યક્ષ અભયદાનના પુન્યના ભાગીદાર બનવું.

૨ મંડળીના પશુ–આશ્રમમાં ઘાસચારો, દાણો–પાણી અને વૈદ્યકીય સાર–સંભાળથી જીવનદાન પામનાર હજારો મુંગા પશુના આશીર્વાદના સહભાગી બનવું. માંસાહાર, પશુ બલીદાન, ગૌહત્યા અને જીવ હત્યા અટકાવી અહિંસા, શાકાહાર અને જીવદયાનો પ્રચાર અને પ્રસાર કરવાના કલ્યાણકારી કાર્યમાં સહાયક બનવું.

૩ મધ્યમવર્ગના જરૂરતવાળાં કુટુંબોને અનાજ, કપડાં, આર્થિક અને બીજી મદદ ઉપરાંત હોમીયોપથી અને આયુર્વેદીક દંત ચિકિત્સા વિના મુલ્યે અપાય છે, તે સર્વના આશીર્વાદના હક્કદાર બનવું.

આત્મ કલ્યાણના આ ઉન્નત કાર્યમાં જોડાવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.

### આપ મંડળીને નીચે મુજબ સહાય કરી શકશો.

રૂા. ૨૦૦૧) આપીને તિથિ નોંધાવી તેના વ્યાજમાંથી પ્રતિવર્ષ એક જીવ છોડાવી અભયદાન કરીને.

રૂા. ૧૦૦૧) આપીને બીજા ગૃહસ્થની સાથે પ્રતિવર્ષ તેના વ્યાજમાંથી જીવ છોડાવી અભયદાનના સહભાગી બનીને.

રૂા. ૧૦૦૧) આપીને માનવંતા પેટ્રન બનીને.

રૂા. ૫૦૧) આપીને પ્રેરણાદાયી દાતા બનીને.

### ઉપરાંત

અમૃત મહોત્સવ વખતે જીવદયાનો સ્મૃતિ ગ્રંથ બહાર પડશે, જેમાં. જીવદયા, શાકાહાર અને પશુ પ્રત્યે ક્રુરતા નિવારણ અંગે વિસ્તૃત માહિતી સભર ખ્યાતનામ લેખકોના લેખો છાપવામાં આવશે. તેની હજારો નકલો અહિંસક જનતામાં જાગૃતિ લાવવા વહેંચાશે. તેમ. જાહેરખબર છપાવી મંડળીને મદદ કરી ભારતની અહિંસક જનતાના હૃદયમાં તમારું–તમારી સંસ્થાનું–તમારા ઉદ્યોગોનું નામ ચિરંજીવ રાખવા વિનંતિ છે. ચાલુ સાલે જુલાઈ માસ સુધી ૫૩૭ જીવો બચાવ્યા છે.

**૩૧મી ડીસેમ્બર ૧૯૮૦ સુધી બચાવેલા જીવો**

| ગાય | વાછરડાં વાછરડી | બળદ–ભેંસ પાડા–પાડી વિગેરે | કુતરાં | ઘેટાં–બકરાં વિગેરે | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૮૨ | ૩૧૦ | ૮૪ | ૧૪૮ | ૮૭ | ૯૧૧ |

દશરથભાઈ ઠાકર
વસંતલાલ ઝવેરી
પ્રાણલાલ ગોડા
મંત્રીઓ

ગણપતિશંકર દેસાઈ–પ્રમુખ

મુંબઈની શ્રી જીવદયા મંડળી [ ફોન : ૩૨ ૫૫ ૭૪ ]
'દયામંદિર', બીજે માળે, ૧૨૩–૧૨૭, મુંબાદેવી રોડ, મુંબઈ–૩.

ક્ષમાપના જ છે. એનું આચરણ આત્મામાંથી ઉદ્વેગ અને ખેદને હઠાવી પ્રસન્નતાનો સંચાર કરે છે. વળી તે વેર–ઝેરની વિષમ ભાવનાના અંધકારને ઉલેચી મૈત્રીભાવનાના દિવ્ય પ્રકાશને પાથરે છે. આત્માને વૈરાનુબન્ધ બાંધી ભવોભવમાં ભયંકર દુઃખ અને અશાન્તિનો ભોગ બનતો અટકાવી સુખ અને શાન્તિમય જીવન જીવવાનો સંયોગ પમાડે છે. અરે! વધુ શું? આજ ક્ષમાપના ખરા અંતઃકરણથી જો કરાય તો તે ઘનઘાતિ કર્મ ખપાવી લોકાલોક પ્રકાશન કેવળજ્ઞાન સુધ્ધાં અપાવે છે. આપણે જાણીયે જ છીએ કે આર્યા મૃગાવતીજીને આ જ ક્ષમાપનાએ કેવળજ્ઞાનની દિવ્ય ભેટ દીધી હતી. જરા જોઈએ તે પ્રસંગને—

કૌશાંબી નગરીની બહાર પરમાત્મા મહાવીરદેવનું સમવસરણ વિરમાયું છે. બારે પર્ષદા હર્ષભેર ભગવાનની દેશના સાંભળવા ઉમટી છે. એ બધામાં કદી નહીં ને તે દિવસે સૂર્ય–ચન્દ્ર પણ પોતાના મૂળવિમાન સાથે એ દેશનાભૂમિમાં બિરાજ્યા છે. પ્રભુ મહાવીરના મુખમાંથી જ્ઞાનની દિવ્યજ્યોતિ પ્રગટી રહી છે, અને સૂર્યબિંબમાંથી ઝળહળતો પ્રકાશ પથરાઈ રહ્યો છે. દ્રવ્ય અને ભાવ બેય અંધારાનું ગજું નથી કે ભગવાનની દેશના ભૂમિમાં પ્રવેશી શકે. પ્રભુની દેશનાને શ્રવણ કરવાના રસમાં સૌ પોતાની સુધ–બુધ ખોઈ બેઠા છે.


### શ્રી સિદ્ધક્ષેત્ર જૈન

## ફ્રી ઔષધાલય

(સંસ્થાનો પબ્લીક ટ્રસ્ટ નં. A ૨૨૭૨, અમદાવાદ છે.)

આરીસા ભવન સામે, પાલિતાણા (સૌરાષ્ટ્ર)

સાધુ–સાધ્વીજી તેમજ યાત્રાળુની ભક્તિ ફ્રી થાય છે. બહારગામના તપસ્વીઓને માત્ર પોસ્ટનો ખર્ચ લઈ અણાહારી દવાઓ ફ્રી મોકલવામાં આવશે.

ઉપરોક્ત સંસ્થામાં સારવાર કરે છે: વૈદરાજ શ્રી પ્રભાશંકરભાઇ અને શ્રી હર્ષવદનભાઈ.

યોજના: રૂા. ૧૦૦૧ આપનારનો ઓઇલ પેઇન્ટ ફોટો મૂકાશે. રૂા. ૧૫૧ માં અનામત તિથિ.

લી. નાનુભાઈ વાડીલાલ (અમદાવાદ)

સેક્રેટરીઓ: કાન્તિલાલ સાકળચંદ (અમદાવાદ)

નીલાયતીલાલ જૈન (પાલીતાણા)

હેડ ઓફિસ–અમદાવાદ

ટ્રસ્ટીઓ: શ્રી હેમતલાલ લલ્લુભાઈ

શ્રી શાંતીલાલ નેમચંદ

શ્રી હિરાલાલ કેવળદાસ

શ્રી સુમતિલાલ કાંતિલાલ


આ બાજુ સૂર્યાસ્ત થયો ને ચતુર ચન્દના સાધ્વીજી ચેતી ગયા. સમવસરણમાંથી ઊભા થઈ પોતાની વસતિમાં પહોંચી ગયા. તેમની પાછળ તેમનો પરિવાર પણ ગયો. ન ગયા એક સાધ્વી મૃગાવતીજી. તેઓ તો લીન બન્યા છે ભગવાનની દેશના સુણવામાં. અને પેલા સૂર્ય-વિમાનથી પ્રકાશમાંય કોઈ કમીના નો'તી. પણ જ્યાં એ સૂર્ય–ચન્દ્ર બન્ને પોતાના વિમાનને લઈને ઉપર ઉપડયા ત્યાં તો છવાઈ ગયું ઘોગરદમ અંધારૂં. મૃગાવતીજી આજુબાજુ જુવે છે ત્યાં તો જણાયું કે પોતાના ગુરુણી ચન્દના સાધ્વીજી અને બીજો બધો પરિવાર પણ સ્વસ્થાને પહોંચી ગયો છે. પ્રસરેલા અંધારામાં શરમિંદા બની ગયેલા તેઓ ઝટપટ ઊભા થઈ સંકોચાતાં સંકોચાતાં ઝડપથી વસતિમાં પહોંચી ગયા. તેમના આગમનની રાહ જોઈ જોઈને થાકેલા ચન્દના સાધ્વીજીએ જેવા મૃગાવતીજી આવ્યા કે તરત તેમણે સાક્રોશ કહ્યું કે–"તમારા જેવા સુકુલોત્પન્ન સાધ્વીજીને અંધારૂં થયા પછી આવી રીતે બહાર રહેવું શોભે નહિ. તમે યોગ્ય નથી કર્યું."

પોતાના ગુરુણીના મુખમાંથી નિકળેલા ઉપાલંભ વચનોને સાંભળવા છતાં સહેજેય વિમનસ્ક ન બનેલા મૃગાવતીજી ગુરુણીના પગમાં પડીને વિનમ્ર પણે વિનવે છે કે– "હે કરુણાળુ! અજાણતાં થયેલા મારા અપરાધને આપ ક્ષમા કરો. હવે ફરીવાર કદી આવું નહિં કરૂં." એમ કહી વારંવાર મસ્તક ઝુકાવે છે.

એ સમયે મૃગાવતી સાધ્વીજીનું સંસ્કારી મન એવું વિચારતું નથી કે–સમોસરણમાંથી પોતે જ્યારે ઊભા થયા ત્યારે તેઓએ જ મને બોલાવવી જોઈતી હતી. એમણે જો મને બોલાવી હોત તો આવું કાંઇ થાત જ નહિં. એટલે વાંક એમનો અને ઠપકો મને, એ

ક્યાંનો ન્યાય? પણ એના બદલે અવળું જ વિચારે છે કે- ધન્ય છે મારા મહાન ઉપકારી ગુરુણીજીને કે જેઓ મને આવા અકાર્યમાંથી ઉગારે છે ને મારી આંખ ખોલે છે. એઓના ઉપકારનો બદલો હું ક્યાં ભવમાં વાળી શકીશ?

આ બાજુ આર્ય ચન્દના સાધ્વીજી તો નિદ્રાધીન થઈ ગયા; પણ, મૃગાવતી સાધ્વીજી ત્યાંના ત્યાં જ રહ્યાં રહ્યાં રોગનાશક ઔષધની જેમ વારંવાર એમના ચરણોમાં શિર ઝુકાવી ક્ષમાપના કરી રહ્યા છે. ક્ષમાપનાના એ દિવ્ય રસાયણે ઘનઘાતિકર્મના રોગને મૂળમાંથી કાઢી નાંખ્યો અને મૃગાવતીજીના આત્મામાં કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ પ્રગટી ઊઠયો.

ઉપાશ્રયના એ ગાઢ અંધારા ઓરડામાંય ઝળાંહળાં થતાં પ્રકાશની જેમ એ જોવા લાગ્યા. પણ ત્યાં તો તેમના જ્ઞાને જુદું જ નિહાળ્યું...કાળો ભમ્મર વિષધર ત્યાં થઈને પસાર થઈ રહ્યો છે. તે નાગના જવાના માર્ગમાં જ પોતાના ગુરુણીજીનો હાથ સંથારાથી બહાર નીકળી ગયો હતો. તરત જ તે હાથ લઈને સંથારામાં મૂકી દીધો, પણ એ હાથના સ્પર્શે સાધ્વીજીને જગાડી દીધા. જાગેલા સાધ્વીજી આમ ભરઊંઘમાંથી પોતાને જગાડવાનું કારણ પૂછે છે. ત્યાં મૃગાવતીજી સર્પનું ત્યાં થઈને પસાર થવાનું જણાવે છે. એ સાંભળતાં જ એમનું વિચારવા માંડે છે કે આવા ગાઢ અંધારામાં એમણે સર્પને કઈ રીતે જોયો હશે? અને પૂછી પણ લીધું. જવાબમાં સાધ્વીજી જ્યારે અપ્રતિપાતિજ્ઞાનથી પોતે સર્પને જોયાનું જણાવે છે ત્યાં તો એમના પશ્ચાતાપનો પાર નથી રહેતો.

અરે! કેવી ઘોર આશાતના કરી મેં કેવળજ્ઞાની ભગવંતની, શી દશા થશે હવે એનાથી મારી? આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા માંડે છે. કેવળજ્ઞાની મૃગાવતી સાધ્વીજીના ચરણોમાં ચન્દન સાધ્વીજી મસ્તક ઝૂકાવી વારંવાર ક્ષમાપના યાચે છે.

કલાપી કવિની એ કાવ્ય પંક્તિઓ—

"હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે."

—ને જાણે ચરિતાર્થ કરી ગયા ન હોય તેમ પશ્ચાતાપની પાવક જ્વાલામાં ઘાતિકર્મકાષ્ઠને પ્રજ્જવાળી ચન્દના સાધ્વીજીને પણ અપૂર્વ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અદ્ભુત ઐતિહાસિક ઘટના બની ગઈ જગતમાં: શિષ્યાએ ગુરુણીને દીધું કેવળજ્ઞાનનું ભેટણું. ✱


દરેક ઉદ્યોગોને આકર્ષક, ટકાઉ, ઉપયોગી એનોડાઈઝ એલ્યુમીનીયમની અવનવી, કલાત્મક રંગબેરંગી કીચેઈન્સ, કુટરૂલ્સ, કેલેન્ડર્સ, રૂલ્સ, ટ્રે, ગ્રીટીંગકાર્ડઝ વગેરે અનેક પ્રકારની નોવેલ્ટીઝ અને નેઈમ પ્લેઈટ્સ-

એડવર્ટાઈઝીંગ નોવેલ્ટીઝ

મેટલ લેબલ્સ

માટે લખો:

એક્ષલ પ્રોસેસ પ્રા. લી.

૧૧૨ મિત્તલ ચેમ્બર્સ, નરીમાન પોઈંટ,

મુંબઈ-૪૦૦૦૨૧

ટેલીફોન: ૨૩ ૫૧ ૬૪

# ક્ષમા

લે૦ : શ્રી મફતલાલભાઈ સંઘવી–ડીસા

'હે રાજરાજેશ્વર ચેતનરાજ ! આપ ક્ષમાના સાગર છો, દયાના દરિયા છો, સ્નેહના સિંધુ છો, મૈત્રીના મહેરામણ છો, પ્રેમના પારાવાર છો, આનંદના ઉદધિ છો, કરૂણાના સમુદ્ર છો, ગુણોના રત્નાકર છો, વાત્સલ્યના વારિધિ છો, સુખના અર્ણવ છો.'

આ સત્યથી વિપરીત જીવનમાં જીવાય છે ઓછું, મરાય છે વધુ. કારણ કે ઉક્ત સત્ય જીવનમાંથી બાદ થઈ જાય છે એટલે જીવન એકડા વગરના મીંડા જેવું બની જાય છે. તાત્પર્ય કે ક્ષમા ગુણ એ જીવનનો એકડો છે.

જે ખમી શકે તે ખમાવી શકે.

ખમાવવા કરતાં અધિક શૂરાતન ખમવામાં જોઈએ છે. કોઈ વગર વાંકે લાફો મારી દે તો તેને ક્ષમા આપવામાં માણસને અહં ' ખૂબ નડે છે. જ્યારે તે સામા પાસે પોતાના અપરાધની ક્ષમા તરત માગી શકે છે.

મતલબ કે ક્ષમાયાચના કરતાં ક્ષમાનું દાન એ ખૂબ જ કઠિન કાર્ય છે.

તાત્વિક દષ્ટિએ જોતાં, આ કાર્ય મનાય છે તેટલું કઠિન નથી, પણ અંદર પડેલો અહં તેને કઠિન બનાવી દે છે.

'નમો' પૂર્વક 'અરિહંતાણ' બોલવાથી આ અહં નમે છે, એવો નમસ્કારનિષ્ઠ મહાત્માઓનો અનુભવ છે.

અહંને નમાવવાથી પાપને નમનારી સઘળી વૃત્તિઓ વિલય પામે છે.

એક મ્યાનમાં બે તલવાર નથી રહી શકતી, તેમ એક મનમાં અહં અને અર્હં–એ બે નથી રહી શકતા.

સાચો આરાધક અહંના દુ:ખે સુખી હોય. તેનું સુખ શ્રી અરિહંતની આજ્ઞા મુજબની ક્ષમાપનામય આરાધનામાં હોય

ક્ષમાના દાન સિવાયની આરાધના લૂણ વગરના ભોજન જેવી છે, જળ વિનાના સરોવર જેવી છે, તાર વગરની વીણા જેવી છે.

' ખામેમિ સવ્વ જીવે ' પછી 'સવ્વે જીવા ખમંતુ મે' બોલનારા આપણે વિચારવાનું એ છે કે, ભવ ભવાંતરમાં ભમતા આ જીવે ખમવાની સાચી શક્તિ નહિ કેળવીને જ દુ:ખનો દ્વેષ કર્યો છે, સુખનો હર્ષ ધર્યો છે. ચમચી જેટલું દુ:ખ પણ સહન કરી શક્યા નથી, ચમચી જેટલું સુખ પણ જીરવી શક્યા નથી.

પણ આ શ્રી પર્યુષણ પર્વમાં આપણે એવી આરાધના કરીએ કે તેમાં આત્મા સર્વ જીવોને સાચી ક્ષમા આપવા થનગની ઉઠે.

ક્ષમાસાગર શ્રી જિનેશ્વરદેવના વચનને–આજ્ઞાને પાળવાની સઘળી ક્ષમતા દુન્યવી સુખ–દુ:ખને ખમવામાં રહેલી છે.

આત્માના અવ્યાબાધ સુખને આ સુખ સાથે લવલેશ સંબંધ નથી. આ સુખ તો જીવમાત્રને સુખદાયી–અભયપ્રદ જીવન સાથે જોડાએલું છે.

જીવોને સુખ ત્યારે આપી શકાય, જ્યારે જડ પદાર્થો તરફનો રાગ નિર્મૂળ થાય.

જડ ચેતનને સુખી ન કરી શકે, એ સત્યમાં નિષ્ઠાવાળો આરાધક ક્ષમાના દાનમાં શૂરો હોય છે. કારણ કે તે સારી રીતે સમજતો હોય કે અપ્રતિહત જિનશાસનને પામ્યા પછી મારે તેજ ગુણની સુવાસ ફેલાવીને સર્વત્ર ચૈતન્યની અપ્રતિહતાની પ્રભાવના કરવાની છે.

પરમ ચેતનાવંત પરમ પુરુષના ક્ષમાના ગુણને ખરી ખુમારીપૂર્વક ખુંખારા ખાતો કરનારા પુરૂષો તો ધર્મરૂપી મહેલનો સરસ શ્રેષ્ઠ સ્થંભ છે.

સુખ–દુ:ખ, નિંદા–સ્તુતિ, નફા–નુકશાન એ બધાને સમભાવે સહવામાં શાસન પામ્યાની સાર્થકતા છે.

આત્માને અજવાળનારા પર્વાધિરાજમાં આપણે આત્માના ક્ષમા ગુણને અસ્થિમજ્જાવત્ બનાવવાના લક્ષ્યપૂર્વક આરાધના કરી શકીશું તો તપનો ઉમંગ હજારોગુણો વધી જશે, શીલ પાલનમાં અ–પૂર્વ આનંદ આવશે, દાનનો દિવ્ય આસ્વાદ અનુભવવા મળશે. એકે એક ધર્મક્રિયા પ્રાણવંતી બની જશે.

અહંના કકળાટને કાને નહીં ધરીને જ આપણે અર્હંતપ્રણિત ધર્મ–આરાધનામાં એકરૂપતા સાધી શકીશું

ક્ષમા એ વીરનું ભૂષણ છે, એ હકીકતનો મર્મ તે પછી જ આપણને સમજાશે; અને તે પછી પ્રતિ–ક્રમણમાં રહેલી અમાપ શક્તિનો કંઈક અંદાજ આવશે.

# ગર્વ-એક વાદળ !

: લેખક :
પૂ૦ મુનિશ્રી 'વાત્સલ્યદીપ'

વસંતની કોયલ ગૂંજતી હતી. ઝવેરી રત્ન પારખે એમ દિવ્યસેન માણસને એનાં વચનોની ઝીંથ પરથી પકડી પાડતો હતો. એ સંપત્તિ અને સહાનુભૂતિથી ભર્યો ભર્યો હતો.

એક દિવસ સુનંદ એને ત્યાં અશ્વપાળ બનીને આવ્યો. દિવ્યસેને એને દૂરથી પારખી લીધો : સુનંદ સાચો અશ્વપાલક છે. અને એ કલ્પના સાચી પણ ઠરી. સુનંદ અશ્વોની કસોટી જાણતો હતો અને ભાષાથી પણ પરિચિત હતો. હવામાં ઘોડાના પસીનાની ગંધ સૂંઘતો ને એ કહી આપતો : આને આ રોગ છે!

સુનંદ ઘોડારમાં બેઠો હતો. સરવા કાનથી એ ઘોડાઓને સાંભળતો હતો. શ્રેષ્ઠિ દિવ્યસેનના રથના બે અશ્વો વાતો કરતા હતા :

"આજે પીઠ પર ખૂબ પીડા થઈ રહી છે. ન જાણે શાથી? પણ આજની વેદના આકરી છે."

"બરાબર છે" બીજા અશ્વે કહ્યું: "શેઠ હમણાં ભારેખમ થઈ રહ્યા છે!"

સુનંદ આશ્ચર્યમાં ડૂબી ગયો. દિવ્યસેનના ગરવા દેહમાં કાંઈ ફરક પડયો ન હતો, તો એનો બોજ વધ્યો કયાંથી? રજતમઢ્યાં રથમાં કંઈ ભરવામાં પણ નથી આવતું, તો આ ભાર શાનો? આ બધું એને રહસ્ય ભરેલું લાગ્યું.

બંને થાકેલા ઘોડાઓની પાસે આવીને તેણે પીઠ પર પ્રેમભર્યો હાથ પસાર્યો. અશ્વો મલક્યા. મીઠો હણહણાટ કર્યો. કોમની આ એક સ્વયં ભાષા છે.

સુનંદે કહ્યું: 'હમણાંથી તમે ચાલવામાં ધીરા કાં પડયા છો? કોઈ હેરાની છે?'

"નહીં રે, પણ વજન....!"

"સાચું." બીજાએ સાથે જ કહ્યું: "માલિક એનાં એ... ચાલક એ જ. પણ હમણાં બોજ વધ્યો છે. અસહ્ય લાગે છે.

"કયારથી?' સુનંદને આ વાતની નવાઈ લાગી.

"જયારે શ્રેષ્ઠિએ એક કોટિ દ્રવ્યનું દાન કર્યું અને મહારાજાએ સન્માન કર્યું ત્યારથી આ ભાર પ્રતિદિન વધતો રહ્યો છે. કયારેક તો બરડો ફાટે છે."

સુનંદની આંખો ચમકી. દિવ્યસેન શ્રેષ્ઠિએ નગરના સામાન્ય જનોના કર માફ કરાવવા એક કોટિ દ્રવ્યનું દાન કર્યું હતું. આવા ઉત્તમ દાનથી આનંદિત બનીને નરવીર મહારાજાએ એમને પુષ્પોથી ઢાંકી દીધા હતા. અને એ ક્ષણે દિવ્યસેનનાં નેત્રોમાં ગર્વ-છાયા પ્રસરી ગઈ હતી. સમારોહની પૂર્ણાહુતિ પછી દિવ્યસેને કહેલું: "સુનંદ! જગતમાં આનાથી અધિક સુખ-મેરુ કોઈને મળ્યો હશે?"

આ વાતની યાદ આવતાં સુનંદને હવે વધુ જાણવાની આવશ્યકતા ન રહી. એને થયું : માનવના મનને પશુઓ પણ આટલું સુક્ષ્મ રીતે સમજી શકે! એ પહોંચ્યો શ્રેષ્ઠિ પાસે.

"સ્વામિ!...."

"બોલ સુનંદ! કેમ આવ્યા?"

સુનંદ ખચકાયો. નાની વાતની ગંભીરતા એ સમજતો હતો. દિવ્યસેન એની અકળામણ જોઈ હસ્યા:

"સુનંદ! અશ્વોની સાથે રહીને તું પણ સ્તબ્ધ બનતા શીખી ગયો કે શું? બોલ, શું કહેવું છે?"

"માલિક!" સુનંદ ઝડપથી બોલવા લાગ્યો: "આજે અશ્વશાળામાં બે અશ્વો વાતો કરતા હતા કે હમણાંથી રથનો ભાર, માલિક એનાં એ હોવા છતાં વધુ લાગે છે! તપાસતા જાણ્યું કે જયારથી..."

"શું?"

"જયારે મહારાજાએ આપનું સન્માન કર્યું તે દિવસથી રથનો ભાર વધ્યો છે.

માનવ પારખું દિવ્યસેન સુનંદના કથનનો મર્મ પારખી ગયો. જે અશ્વો પોતાને ફૂલની માફક ઉચકતા હતા, આજે એ જ અશ્વો મને ઉપાડતા થાકયા? હા! તે દિવસે મારા ચિત્તાકાસમાં દર્પનું વાદળ ઘેરાયું હતું; અને આજેય. એથી જ તો હું મસ્તક ઉત્તુંગ રાખીને

ગર્વથી ઘૂમું છું : 'હું કોણ ? શ્રેષ્ઠિ દિવ્યસેન !' અને એ ગર્વે મને ભારીલ કરી મૂક્યો !

દિવ્યસેને સુનંદને કહ્યું :

"ભાઈ ! સુકૃત કરતાં ગર્વ સ્પર્શે તો કોઈ અદ્દશ્ય બોજ જીવનમાં જોડાઈ જાય છે. મારામાં અસ્ફુટ ગર્વ પ્રગટ્યો ને હું ગબડ્યો....જનમનની આંખે ચડેલો અભિમાનને સહારે પડી ગયેલો હોય છે. અધોતું કાચન સત્ય છે. એમને કહે જે કે હવે એ બોજ સહેવો નહીં પડે..."

શ્રેષ્ઠિ દિવ્યસેનનાં નેત્રોમાં અમી છલકાયું. સુનંદ એને નિહાળી રહ્યો.


મહાપ્રભાવિક ૨૫૦૦ વર્ષ પ્રાચીન બાવન જિનાલય

## અજારી તીર્થની યાત્રાએ પધારો

પિંડવાડા (રાજસ્થાન) સીરોહીરોડ સ્ટેશનેથી બે માઈલ, આબુરોડ તરફ હાઈવે ઉપરથી ૧ માઈલ દૂર અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલું છે. અને ૧૪મા સૈકામાં શેઠ ધરણાશાએ જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થઈ હતી. સરસ્વતીદેવીનું સુંદર મંદિર પણ છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ. આ૦દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સાહેબના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ૦ આ૦દેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે. ધર્મશાળામાં રહેવાની સુંદર સગવડ છે. તો યાત્રાએ પધારી તીર્થમાં એકથી એક ચમત્કારીક જિનબિમ્બો તથા મૂળનાયક શ્રી મહાવીરસ્વામીના દર્શન કરી જીવન સફળ કરો.

તા. ક. :- પીંડવાડાથી અજારી તીર્થ જવા-આવવા ઘોડાગાડી તથા રીક્ષા મળી રહેશે.

વ્યવસ્થાપક : **શેઠ કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પીંડવાડા (રાજસ્થાન)** સ્ટે. સિરોહીરોડ.

આપણી દરેક જૈન સંસ્થાઓમાં સાવરણી ( ફુલઝાડુ ), પોંજણી વગેરે જથ્થાબંધ સપ્લાઈ કરીએ છીએ.

Gram : CHUNIGALA-Chinch Bunder ● ફોન : ૩૩૨૬૬૨, રહે. ૬૭૯૯૭૦

**ગૃહજીવનની જરૂરીયાતો માટે નીચેનું સરનામું યાદ રાખો.**

ફુલઝાડુ ( સાવરણી ) ✖ સળી ઝાડુ ( બુતારા ) ✖ પગલુંછણા ✖ આસન
પોંજણી ✖ સુપડા ✖ બ્રશ ✖ દસ્તર ( પોતા ) વગેરે
વ્યાજબી ભાવે મેળવવા અવશ્ય પધારો.

# શા. લાલજી રવજીની કું.

૧૮૬, નરસી નાથા સ્ટ્રીટ (ભાતબજાર), પો. બો. નં. ૫૨૫૯, મુંબઈ-૪૦૦૦૦૯

બ્રાંચ : શા. લાલજી રવજીની કું., બળીયાકાકા રોડ, આણંદ ફોન : ૪૪૩, ૨ : ૧૭૯૬

સીસ્ટર કન્સર્ન : મયુર બ્રધર્સ, બળીયાકાકા રોડ, આણંદ, ફોન : ૩૧૪૦

વિશિષ્ટતા : અમો વિદેશમાં પણ ઉપરોક્ત માલ એકસપોર્ટ કરીએ છીએ.

# ભગવાન મહાવીરને યાદ કરીએ

## લેખકઃ પંડિતશ્રી દલસુખભાઈ માલવણિયા

ત્યાગ અને દીર્ઘતપસ્યાની મૂર્તિ ભગવાન મહાવીર હતા એ કહેવાની જરૂર નથી. પણ આજે તેમના જ અનુયાયીઓમાં ત્યાગ અને તપસ્યાની ભાવના જે રૂપે જોવાય છે તે ખરેખર વિચારણીય છે. અપરિગ્રહનો ઉપદેશ ભગવાને આપ્યો અને સર્વસ્વનો ત્યાગ કરી જીવન વીતાવ્યું. ત્યારે આપણે આજે પરિગ્રહમાં એટલા ગળાડૂબ છીએ કે તેમાંથી કેમ બહાર આવવું એ મુશ્કેલ જણાય છે. તેમની પૂજા-પ્રતિષ્ઠાને નામે તીર્થોના ઝગડાનો ઉકેલ આપણે શોધી શકતા નથી. અને કલહના ઝંઝાવાતમાં ફસાઈ પડયા છીએ. પ્રત્યેક વ્યક્તિમાં ત્યાગની નહીં પણ મને વધારે કેમ મળે, અને તે માટે સાચા-ખોટા માર્ગે, વધુ તો ખોટા માર્ગે જઈ રહ્યા છીએ. આપણા સમાજ અને રાષ્ટ્રની અત્યારે જે સમસ્યા મોંઘવારી જેવી ઉત્પન્ન થઇ છે તેના મૂળમાં આ પરિગ્રહની ભાવના છે. કયાં ભગવાન મહાવીરને સર્વસ્વનો ત્યાગ અને કયાં આપણી પરિગ્રહની લાલસા? આમાંથી બચવાનો માર્ગ હોય તો એક જ છે અને તે એ કે ભગવાન મહાવીરના માર્ગને આપણે જ છોડી દીધો છે તેને પુનઃ અનુસરીએ. કામ કઠણ છે પણ અસંભવ નથી. અસંભવ હોત તો સ્વયં ભગવાન મહાવીર માટે પણ તે સંભવ બન્યું ન હોત. એટલે આજને ટાણે ભગવાન મહાવીર અને તેમના ત્યાગને યાદ કરી તેમના માર્ગને અનુસરવા પ્રયત્ન કરવો એ અત્યંત જરૂર છે. આમ થશે તો આપણા દેશ અને સમાજની સળગતી સમસ્યાનો ઉકેલ આપણે મેળવી શકીશું.

ભગવાન મહાવીરનો ત્યાગ કે અપરિગ્રહ અનુકરણીય છે એ આજની તાતી જરૂરિયાત તો છે જ, ઉપરાંત તેમણે જે તપસ્યા કરી તેનું જે વિકૃતરૂપ આપણે કરી દીધું છે તે પણ સુધારવાની જરૂર છે. તપસ્યાને નામે ઉજમણા અને ઉત્સવો જે થાય છે તેમાં તપસ્વીનો અહં પોષાય છે. જ્યારે તપસ્યા એ તો અહંને ગાળવાનું ઔષધ છે, એ આપણે ભૂલવું ન જોઈએ. કષાયોને કસી નાખવા એ તપસ્યાનું કામ છે. એને બદલે જો કષાયો વધતા હોય તો એને તપસ્યા કહેવાય જ નહીં. વળી આજે આંતરિક તપસ્યા સ્વાધ્યાય, આત્મચિંતન, ધ્યાન, સેવા ઇત્યાદિ વિષે તો ઉપેક્ષા જ છે. ઉપવાસ અને આયંબિલ જેવા બાહ્ય તપોનું મહત્ત્વ વધી ગયું છે. ખરી વાત એવી છે કે બાહ્ય તપસ્યા તો આંતરિક તપસ્યાની પુષ્ટિ માટે છે. એ પુષ્ટિ ન થતી હોય તો બાહ્ય તપસ્યા નિરર્થક જ જાય છે. આ વસ્તુ વિષે કોઈ વિચારતું હોય એમ જણાતું નથી. એટલે પૂજ્ય મુનિમહારાજોની ફરજ છે કે તપસ્વીઓનું ધ્યાન આ બાબત ઉપર વિશેષ અપાવે. અને બાહ્યને ગૌણ કરી આંતર તપસ્યાનુ મહત્ત્વ વધારે.

આમ જીવનમાંથી ત્યાગ અને તપસ્યા તેના વાસ્તવિકરૂપમાંથી લુપ્ત થયા છે તેની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે ભગવાન મહાવીરને યાદ કરવાની જરૂર છે. યાદ તો કરીએ જ છીએ; સ્તુતિ-પ્રાર્થના કરીએ જ છીએ; પણ તે હોઠથી, તેને બદલે હૃદયથી થાય એ જરૂરી છે.

---


સમગ્ર જૈન સમાજના જાણીતા જૈન સંગીતકાર

**મનુભાઈ એચ. પાટણવાલા**

૧૪૫-ડી, અરૂણા નિવાસ, અરવિંદ કોલોની,
એસ. વી. રોડ, વિલેપારલે (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૫૬

ફોનઃ C/o. ૫૬૫૪૮૨, ૫૭૬૦૫૨

● ભક્તિ સંગીતના દરેક પ્રસંગોએ અમારી પાર્ટીને યાદ કરો ●

# શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટની

## પર્વાધિરાજ પર્યુષણના પુનિત પર્વ પ્રસંગે

### જીવદયા, અભયદાન તથા અહિંસાને પરમધર્મ માનનારાઓને અપીલ

પૂર્વજન્મના કર્મ અનુસાર આપશ્રી સમાજમાં પ્રતિષ્ઠા, પૈસો અને ઘણું સુખ પામ્યા છો; અને માબાપે તથા સાધુસંતો અને મુનિરાજોએ આપને જે ધાર્મિક સંસ્કારો આપ્યા છે તે અનુસાર આપ પ્રસંગોપાત કે નિયમિત રીતે જીવદયા, અહિંસા, મુંગા જીવોને અભયદાન, સદાચાર, ગોપાલન તથા દુઃખી જીવોને સહાય વગેરે સત્પ્રવૃત્તિઓ પાછળ તન, મન અને ધનથી સેવાઓ આપતા આવ્યા છો.

આપશ્રી તરફથી અપાતી આવા પ્રકારની તમામ સહાયનો સર્વોત્તમ રીતે સદુપયોગ થાય તથા આવો સદુપયોગ આપ નજરે નિહાળી સંતોષ મેળવી શકો એવી રીતે શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. જીવોને જીવવા દેવા ઉપરાંત તેમને આદર્શ વાતાવરણમાં, સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, પ્રદુષણથી મુકત સ્થિતિમાં રાખવા માટે શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટે નવસારી–ગણદેવી હાઇવે રોડ ઉપર નવસારી નજીક અત્યંત ફળદ્રુપ આશરે સો એકર જમીન ખરીદી છે. જેથી અભયદાન પામેલ ગાયો જેવા જીવો સારામાં સારી રીતે જીવીને દાતાના સાચા અંતરના મુંગા આશીષ આપી શકે.

શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટની પ્રવૃત્તિઓની જૈનો ઉપરાંત જૈનેતર લોકો પ્રશંસા તેમજ સહાય પણ કરી રહ્યા છે. કેમકે ગોપાલન કેન્દ્રમાંથી અહિંસા અને સદાચાર પાળનાર ગ્રામ્યવાસીને વિનામૂલ્યે સારી ગાય ભેટ અપાય છે. આથી ટ્રસ્ટે આપેલ ગાયો દ્વારા ગ્રામ્યજનો સ્વાવલંબી સદાચારી અને સમૃદ્ધ બને છે. તેથી જ શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટની આવી અજોડ અને અદ્વિતીય સેવાને ધ્યાનમાં લઇ ભારત સરકારે આ ટ્રસ્ટને અપાતી દાનની તમામ રકમોને આવકવેરામાંથી સંપૂર્ણ સોએ સો ટકા માફી આપી છે. **એટલે તમે દાનમાં જેટલી રકમ આપો તેટલી રકમની તમારી આવક ઉપર તમારે કશો જ આવકવેરો ભરવો પડતો નથી. આમ તમે આ ટ્રસ્ટને દાન આપી ટેક્ષમાં મોટી બચત કરી શકો છો અને સાથે સાથે મોટું પુણ્ય હાંસલ કરી શકો છો.**

આ ટ્રસ્ટને દાન આપનાર મોટું પુણ્ય પ્રાપ્ત કરે છે. ઉપરાંત તેમનો અંતરાત્મા પ્રસન્નતા અનુભવે છે. તેથી જ શાસ્ત્રો અને સંતો કહે છે કે, જે બચાવે જીવ તે બની જાય શિવ. જીવદયામાં આપે દાન તે જ થાય સાચો ધનવાન. અહિંસામાં જેને શ્રદ્ધા તેને જ સંસારમાં મળે સુખ. સુજ્ઞ મહાનુભાવોને વધુ કહેવાની શું જરૂર હોય!

જીવદયા અને ગૌસેવા દ્વારા સર્વકલ્યાણની અતિ પવિત્ર અને અભયદાન આપતી અજોડ સેવામાં આપનો ઉદાર ફાળો ટ્રસ્ટની રજીસ્ટર્ડ ઓફિસે મોકલી આપવા હાર્દિક વિનંતી છે.

**રજીસ્ટર્ડ ઓફિસ: શાંતિકુમાર જ. ભટ્ટ–ચીફ એ. ટ્રસ્ટી.**

**શ્રી ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટ (ફોન: ૩૨૧૭૫૭, ૬૬૧૧૨૪)**

**૪૦, કોમર્શીયલ ચેમ્બર્સ, ત્રીજેમાળે, મસ્જીદ બંદર રોડ, મુંબઇ–૪૦૦૦૦૩**

# પર્વોનો રાજા... પર્યુષણા મહાપર્વ

—પૂજ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી) મહારાજ

પર્યુષણા મહાપર્વને પર્વોમાં રાજા તુલ્ય જણાવ્યું છે. ખરેખર આપણામાં બધા પર્વોમાં મહાપર્વ-પર્વોનો રાજા કોઈ હોય તો તે પર્યુષણા પર્વ છે અને તે તદ્દન વ્યાજબી જ છે.

ધર્મશ્રદ્ધાળુ જૈનો આ મહાપર્વમાં પૌષધ, ઉપવાસ, વિવિધ તપશ્ચર્યા આરંભ-સમારંભનો ત્યાગ, અગતો-પાખી પાળે છે. પળાવે છે અને વિવિધ ઉત્સવો કરીને આ મહાપર્વને જેવી ઉજ્જવલ રીતે ઊજવે છે તેની છાપ એવી જ પડે છે કે જાણે જૈનોમાં પર્વ પર્યુષણા જ છે

હવે આપણે આ મહાપર્વને રાજાની ઉપમા આપીએ છીએ તે કેટલું સયુક્તિક છે, તે વાંચો:—

" कल्पाख्यानकपञ्चदिव्यनिहित :
 क्लृप्ताभिषेकोत्सवो ।
भव्यैः पर्युषणामहक्षितिपति
 र्मिथ्या वकोपादिकम् ॥
कृष्ट्वा पञ्चकुलं जनेऽतिविषमं
 भव्यं नवं स्थापयन् ।
सम्यक्त्वं शममार्दवार्जव-
 निरीहत्वं शिवायास्तु वः ॥ "

ભાવાર્થ—જેમ કોઈ રાજાનો ભવ્ય રાજ્યાભિષેક થાય છે અને તે રાજા શત્રુઓને હણી વિજયી બની વિવિધ ઉપાયોથી પ્રજાનું રક્ષણ કરે છે તેમ આ પર્વોમાં મહારાજ શ્રી પર્યુષણાપર્વનો રાજ્યાભિષેક કલ્પસૂત્રના વ્યાખ્યાનરૂપ પંચ દિવ્યો વડે કરીને ભવ્ય જીવોએ તેને રાજ્ય ઉપર સ્થાપેલો છે. હવે આ પર્યુષણારૂપી મહારાજા ભવ્ય જીવોને હેરાન-પરેશાન કરતા ભયંકર લૂંટારા, શત્રુઓ મિથ્યાત્વ અને ક્રોધાદિ (ક્રોધ-માન-માયા-લોભ=ચાર) ને કૂલ પાંચે કુલોને દૂર કરી સમ્યક્ત્વ ક્ષમા, માર્દવ, આર્જવ અને નિર્લોભતારૂપ પાંચ કુલોને સ્થાપન કરી પ્રજા માટે કલ્યાણકારી થાય છે-કલ્યાણરૂપ થાઓ.

ખરેખર આ મહારાજા રાજ્યપદે વિરાજમાન થઈ ભવ્ય જીવોને સમ્યક્ત્વથી વાસિત કરે છે. તેમનામાં પરસ્પરની ક્ષમાપના, શાંતિ અને સમભાવ દશા પ્રાપ્ત કરાવે છે. ભવ્ય જીવને ક્ષમાશીલ બનાવે છે, જેથી તેની ઈર્ષ્યા-કષાય-દ્વેષાનલ બુઝાઈ જાય છે અને પરમ શાંત સ્વભાવી બની સમભાવી બને છે. અને એ સમભાવથી જ આ ભવ્ય જીવાત્મા શાશ્વત સુખ અવશ્ય પ્રાપ્ત કરે છે-કરશે જ.

સમ્યક્ત્વની પ્રાપ્તિ સૌથી પ્રથમ કહી છે, એનાથી આ મુમુક્ષુ જીવમાં શુદ્ધ શ્રદ્ધા-ક્રિયાભિરુચિ અને પરમ આત્મજ્ઞાનદશા-જાગશે. શુદ્ધ શ્રદ્ધાપૂર્વકની ક્રિયાભિરુચિ જાગતાં એનાં અનુષ્ઠાનક્રિયા પરમ શુદ્ધ થશે જ. એનાં અસદ્અનુષ્ઠાન જશે. શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વકની ક્રિયા આત્માની વિશુદ્ધ દશાને પમાડશે. એટલા જ માટે વિષયાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન અને અનનુષ્ઠાનનો ત્યાગ કરીને શુદ્ધિ તરફ વળશે જ. આ શુદ્ધિમાં આહાર, ઉપાધિ, પૂજા, સેવા, બહુમાન, વાહવાહની અભિલાષાનો અંશ પણ નહિ જ રહે. આ લોકના સુખની લેશ પણ અભિલાષા નહિ જાગે. હવે આ લોકના સુખની અભિલાષાનો જે જ્ઞાન અને વિવેકપૂર્વક ત્યાગ કરે છે તે મુમુક્ષુ એ જ તેજસ્વી વિશુદ્ધ જ્ઞાનદીપકથી જાગ્રત બની પરલોકના સુખની ઈચ્છાનો પણ સહજભાવે ત્યાગ કરશે. એને પરલોકના સુખની લવલેશ ઇચ્છા નહિ રહે. આ લોક અને પરલોકના સુખની ઈચ્છાનો ત્યાગી બનનાર મુમુક્ષુ આત્મશોધન કરી સ્વરૂપાનુભવદશા પ્રાપ્ત કરવા ક્રિયામાં અનુપયોગ દશાનો ત્યાગ કરશે જ, અનુષ્ઠાનનો ત્યાગ કરશે જ અને ક્રિયા પ્રતિ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરાવનાર શુદ્ધિ

અનુષ્ઠાનોમાં ઉપેક્ષા, અનાદર કે અભાવ, અનુપયોગનો ત્યાગ કરવાની વૃત્તિ જાગે જ જાગે. અને આવો જ મુમુક્ષુ ભવ્યાત્મા શ્રદ્ધાથી સુવાસિત બની જ્ઞાનદીપકથી જાગ્રત બની તદ્દહેતુ અનુષ્ઠાનનો ઉપાસક બનવાનો જ. આમાં આશયની શુદ્ધિ, ક્રિયાની અભિરુચિ અને ઉપયોગની જાગૃતિ લાવવાની. શુભાશયથી પ્રેરિત થઇ; ક્રિયા પ્રતિ પૂર્ણ પ્રેમ, શ્રદ્ધા, આદર અને હૃદયનો પ્રેમ-રૂચિ જાગ્રત કરી ઉપયોગપૂર્વક શુદ્ધ ક્રિયા કરવા પ્રેરાશે.

તદ્દહેતુ અનુષ્ઠાનમાં ઊંચે આવેલો આત્મા નિજાનંદનો સહજ રીતે ભોક્તા બને છે. એને આત્માની વિભાવદશા, પ્રમત્તદશા અને અનુપયોગ દશા સહજ રીતે જાય છે. તેનામાં સ્વભાવ દશાની ઉચ્ચ દશાની મસ્તી આવે છે એનામાં અપ્રમત્ત દશા જાગે છે. અને પરમ ઉપયોગ-હેયોપદેયના વિવેક સાથે આત્મ જ્ઞાન જ્યોતિ પ્રગટે છે, અને પરમ શુદ્ધ ક્રિયા કરે છે. આ ઉચ્ચ દશાનું નામ છે અમૃતાનુષ્ઠાન. બીજા શબ્દોમાં કહું તે શ્રીજિનેશ્વર ભગવંતોના ઉપદેશાનુસાર વિશુદ્ધ જીવન બનાવી આત્મશુદ્ધિની ઉન્નત દશા આ અનુષ્ઠાનમાં પ્રાપ્ત થાય છે.

એટલે કે પર્યુષણા મહાપર્વરૂપી રાજાધિરાજની રાજ્યાભિષેકની શુભ ક્રિયા થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સમભાવદશા પ્રાપ્ત થતાં અનુષ્ઠાનની વિશુદ્ધિ આવવી જોઈએ. આજે આપણે બધાએ આ વસ્તુ ખૂબ સમજી વિચારી પર્યુષણા મહાપર્વાધિરાજની ઉજવણી કરીએ અને આ ઉચ્ચ દશા પ્રાપ્ત કરીએ તો આ પર્વાધિરાજની ઉજવણી કરી સફલ ગણાય.

આ બે ઉત્તમ ગુણો પ્રાપ્ત થતાં માન, માયા અને લોભને કાઢવા પડશે. એને બદલે માર્દવ, નમ્રતા, વિનય, આર્જવ, ઋજુતા, સરલતા, અકપટવૃત્તિ, દંભનો અભાવ, નિર્લોભતા, સંતોષ, મમત્વનો અભાવ-પરિગ્રહ વૃત્તિનો-મૂર્ચ્છાનો અભાવ જાગે.

આપણે પર્યુષણા મહાપર્વરૂપી રાજાધિરાજની સાચા હૃદયથી હૃદયમાં સ્થાપના કરીએ તો આપણા આત્માની અસ્મિતા જાગે એમાં તો આશ્ચર્ય જ નથી, આજે એ અસ્મિતા જગાડવાની જરૂર છે. આ આત્માની અસ્મિતા આપણા જીવનમાં વણાઈ જાય તો માનવતાનો દેવ જાગશે. આ અસ્મિતા આપણામાં સાચું જૈનત્વ જગાડશે. આ અસ્મિતા આપણામાં પ્રચ્છન્ન રહેલી આત્મજ્યોતિ જગાવશે

એટલે કે પર્યુષણા પર્વાધિરાજ-રાજરાજેંદ્રના રાજ્યાભિષેકમાં કલ્પસૂત્રના પાંચ વ્યાખ્યાનરૂપી પંચ દિવ્યોથી આ રાજ્યાભિષેક અદ્ભુત-અપૂર્વ થશે અને એથી મિથ્યાત્વ-ક્રોધ-માન-માયા અને લોભ જશે. આપણા રાગ અને દ્વેષ ઘટશે અને સમ્યક્ત્વ, ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ પ્રગટશે. બસ, આત્માની વિભૂતિ જાગી અને પરમ મુમુક્ષુ બન્યો એટલે ઉત્તમ ગુણશ્રેણીએ ચઢતાં એને વાર નહિ જ લાગે.


પધારો........ પધારો........ પધારો........

## અતિ પ્રાચીન શ્રી વાલમ તીર્થ

મહેસાણા જિલ્લાના વાલમ ગામે શ્રી સંપ્રતિ રાજા વખતનું ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનું અતિ પ્રાચીન જિનાલય છે. ઇતિહાસમાં શ્રી વાલમ તીર્થ માટે એવું લખાણ છે કે અવસર્પિણિકાળના ૨૦મા શ્રી મુનિસુવ્રતસ્વામી ભ૦ના શાસનમાં તેમના નિર્વાણ બાદ ૨૨૨ વર્ષે અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાજી ભરાવેલા, તેમાંના આ એક બાર લાખ વર્ષ જુના પ્રતિમાજી છે.

સૌરાષ્ટ્રમાં જેમ નેમિનાથ ભગવાનનું તીર્થ ગિરનાર છે, તેમ ગુજરાતમાં પણ શ્રી વાલમ તીર્થ છે. આ તીર્થમાં ધર્મશાળા, ઉપાશ્રય આદિની યાત્રાળુઓ માટે સારી સગવડ છે. આ તીર્થમાં કાયમી ભાતુ અપાય છે.

કાયમી તિથિ યોજનામાં નીચેની વિગતે લાભ લેવા વિનંતી છે: ભાતા તિથિ સુદ ૧૫ના રૂા. ૫૦૧, સુદ ૧ના રૂા. ૨૫૧ અને અન્ય તિથિના રૂા. ૧૦૧ સાધારણ તિથિના રૂા. ૧૦૧, અંખડ દીવા તિથિના રૂા. ૫૧ અને આંગી તિથિના રૂા. ૨૫૧ છે.

**લિ. શ્રી વાલમ તીર્થ કમિટી**

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર**

મુ. **વાલમ**, તા. વીસનગર (ઉ. ગુજરાત)

દેહ એને
આંબી
લેવા
સુધ્ધ-બુધ
ખોઈને
દોડી રહ્યો

# ઉદયન મહેતા

: લેખક :
શ્રી બાપુલાલ કાલિદાસ સધાણી 'વીરબાલ'
મોરવાડા ( બનાસકાંઠા )

ચાંગદેવ
દિવાલોમાં
સમાશે
નહીં,
એનું જતન
કરજો

(ગતાંકથી ચાલુ)

(૭)

## પિતૃહૃદય

વેપારના કામે બહારગામ ગયેલા ચાચીગ શેઠ ઘરે આવ્યા. બારણામાં પ્રવેશ કરતાં જ એમની આંખ ચાંગદેવને શોધી રહી. બહાર રમવા ગયેલ હશે...ધારી વિસામો ખાધો. પાણી પીધું અને જમવા બેઠા. જમતા જમતા પોતાના પત્ની પાહિણીદેવીને પૂછયું: 'ચાંગો કયાં ?"

"દેવસૂરિ મહારાજના વેણે એમને સોંપી દીધો." પાહિણીદેવીએ કહ્યું.

"અરે !' ચાચીગ શેઠના હાથમાં કોળીયો રહી ગયો.

"પૂજ્ય ગુરુમહારાજ અને શ્રીસંઘે આપણા આંગણે પગલાં કર્યાં. ઉપાશ્રયની પાટે રમતાં રમતાં ચડી બેઠેલા ચાંગદેવનું દિવ્ય તેજ જોઈ અભિભૂત થયેલા જોગીપુરુષ સંઘને સાથે લઈ પધાર્યા. વિનમ્ર ભાવે ચાંગદેવનું પાવિત્ર્યો જજવળ ભાવી કહ્યું. અને ચાંગની શ્રીસંઘે યાચના કરી. પછી એમનું વચન શી રીતે ઠેલાય ? મેં ઉલ્લાસપૂર્વક ચાંગદેવને સમર્પિત કરી દીધો." પાહિણીદેવીએ સ્થિતપ્રજ્ઞની ક્ષમતાથી કહ્યું. એમના વદન ઉપર પ્રસન્નચિત્તની આભા રેલાતી હતી.

"મારી રાહ ન જોઈ ? હું ઘરે ન્હોતો આવવાનો ?" એ વધુ ન બોલી શકયા. એમના અવાજમાં વેદના આવી ગઈ.

"એ ઘડીએ એવી કોઈ આશંકા ન આવી. સિદ્ધપુરુષની વાણી જ મને ઘેરી રહી...મને ક્ષમા કરો !"

પાહિણીદેવી ચાચીગ શેઠની વ્યાકુળતા જોઈ થંભી ગયા. એમની નજર સામે ચાંગો તરી રહ્યો.

"કયાં છે ચાંગદેવ ? કયાં છે દેવસૂરિજી મહારાજ ?" એમનું ખાવાનું અટકી ગયું હતું. સમગ્ર ચિત્તતંત્ર આંચકો અનુભવી રહ્યું.

"સૌ સમુદાયે ખંભાત તરફ વિહાર કર્યો !"

ચાચીગ શેઠ હાથ ધોઈને ભાણેથી ઉઠી ગયા. અંગરખુ શરીર ઉપર નાંખ્યું. માથે પાઘડી નાંખી ઘર બહાર નીકળી ગયા. પાહિણીદેવી "ઓહ !" કરતાં જડ જેવા થઈ બેસી પડ્યાં.

ચાચીગ શેઠ પગપાળા ખંભાતની દિશાએ ચાલી નીકળ્યા. ન ખાવાની ચિંતા કરી, ન રાત-દિવસની ખેવના રાખી. એમનું અણુ અણુ ચાંગદેવનો પોકાર પાડી રહ્યું. દૃષ્ટિ સમક્ષ ચાંગદેવ રમતો હતો. એને છાતીએ ચાંપી લેવા મન તલસતું હતું. પણ ચાંગો તો દૂર હતો. આંખમાંથી આંસુ ટપકી પડે છે. સમગ્ર દેહ પશીનાથી રેબઝેબ થઈ જાય છે. ચેન પડતું નથી. જયાં ત્યાં રાતવાસો પડી રહે છે. પણ આંખ બીડાતી નથી. ચાંગદેવનો મૃદુ નાનકડો દેહ, ગળે વળગી પડતા નાજુક હાથ અને મીઠી મીઠી લાડભરી વાણી—આ મધુરી યાદ એમને આકુળ-વ્યાકુળ બનાવી દે છે. મન ખંભાતની શેરીએ ભમે છે. દેહ એને આંબી લેવા શુધ્ધ-બુધ ખોઈને દોડી રહ્યો. આહ ! પિતાનું હૃદય ! આ વત્સલતા !

અહીં ખંભાતના બંદરના બેતાજ બાદશાહને ગહરું સ્પંદન ઘેરી વળ્યું છે. સમગ્ર ચિત્તતંત્ર મંથનમાં વલોવાઈ રહ્યું છે. ઉદયન મહેતા સમર્થ મુસદ્દી છે. ગુજરાતના

રાજકારણમાં કાબેલ અને મક્કમ પુરુષ તરીકે ઓળખાય છે. ગમે તેવા પ્રશ્નોને એ મન માન્યો ઘાટ આપી દે છે. છતાં કોઈને આશંકા આવતી નથી કે મહેતા આમાં કામ કરી ગયા છે. આવા ચાણક્ય મંત્રીને મહારાજા સિદ્ધરાજ–જયસિંહે ખંભાતના દંડનાયક નીમ્યા અને પાટણના મુસદ્દીઓએ એક પ્રકારનો છુટકારાનો દમ ખેંચ્યો. મહેતાને તો મુક્ત કાર્યક્ષેત્ર મળી ગયું. પાટણના કાળજામાં ઘા કરતાં ખંભાત બંદરના ચાંચીયાઓને પાંસરા કરી દીધા. બંદરી વેપારે રાજકોષ ભરી દીધા. સત્તા–મર્યાદામાં આવતા માથાભારે તત્વોને જંપાડી દીધા. ખંભાત પ્રદેશના માનવી સુખ–શાંતિ અનુભવી રહ્યા. આવો મુત્સદ્દી વળી મહાસુભટ હતો. સંગ્રામમાં એ મોરચા યોજતો અને હાથમાં શસ્ત્ર ધારણ કરી રણમાં ઝઝુમતો. આવો મજબુત માનવી અજંપ બની ગયો છે. એમની નજર સામે આંબડ અને બાહડ સાથે રમતો ચાંગદેવ પળે પળે તરી આવે છે. આવો સોહામણો, સર્વાંગ સુંદર અને અદ્દભૂત બાળક એમને જકડી રાખે છે. આવી દિવ્યતા, આવી નિર્દોષ અગાધ ઊંડી હસતી મીઠી આંખો, અંગમાં સમાવી લેવાનું મન થાય એવો મધુર દેહ–આવા વાત્સલભર્યા સંતાનની માયા ચાચીગ શેઠને શી રીતે છુટશે? એના પિતૃહૃદયને શી રીતે જંપ વળશે? નારી જ આ આંબડ–બાહડમાં કેટલી મમતા છે! નારી તો ધર્મશ્રદ્ધાની પ્રતિમા છે. એ તો શ્રીસંઘના ચરણે સ્વપણું કરી બેઠી. એ તો પુત્રવિયોગની વેદના હૈયામાં સમાવી લેશે, પણ પિતા? કઠણ ગણાતા પુરુષના ભીતરમાં વહેતું નેહઝરણું! એનું સમાપન કેવી રીતે થશે? એનું મન કેવી રીતે સંપાદન થઇ શકશે? ચાચીગ શેઠના મનને જરાય ઠેસ વાગે, એમનું દિલ જરાય દુભાય તો જિનશાસનનું હાર્દ હણાય જાય. અરિહંત પરમાત્માના વિશ્વવાત્સલ્યનું સૌંદર્ય ઘરઆંગણે જ ઓઝપાઈ જાય.

વળતા દિવસે ચાચીગ શેઠ ખંભાત આવી પહોંચ્યા. ઉપાશ્રયેથી મંત્રીદ્વાર ચીંધાતા મંત્રીગૃહે આવ્યા. બારણે ઉભેલા પહેરેગીરે ગૃહપ્રણાલીની રીતે વિવેકથી મહેમાનને બેઠકખંડમાં દોર્યા ત્યાં સામે જ ગાદી ઉપર મહેતા તકીયા પાસે સ્વસ્થ સ્થિરઆસને બેઠા હતા. મહેમાન તરફ દૃષ્ટિ પડતાં જ, એ કમરથી ઢીલા પડીને પગમાં આવતા ધોતીયા અને મેલા અંગરખાવાળા ચાચીગ શેઠને પરખી લીધા. મહેતા ઉઠયા... સામે ગયા અને બાથમાં લઇ ભેટી પડયા. ચાચીગ શેઠ આ આદર અને પ્રેમભર્યા આલીંગનથી ચમકી ગયા. ત્યાં તો મહેતાના ગળામાંથી મીઠો સૂર ટહુકયો, "ચાંગદેવ! બાપુજી આવ્યા." અને ગૃહાંગણમાં રમતી–ઝુમતી બાળત્રિપુટી આવી પહોંચી. ચાચીગ શેઠ આ બાળવૃંદને નીરખી રહ્યા. આંબડ, બાહડ, ચાંગદેવ—આ સરખા બાળગોઠીયાને જોતા આંખ ઠરી. મહેતાએ શેઠને જોડે જ ગાદી ઉપર બેસાડી દીધા. અને ચાંગદેવ બાપુજીના ખોળે ચડી લપાઇ ગયા.

ચાચીગ શેઠની આંખમાંથી આંસુ સરતાં હતાં. બેઉ હાથ પુત્રના દેહને વીંટી વળ્યા. એ સ્પર્શમાં વાત્સલ્ય અને આનંદ ટપકતાં હતાં. મોં ગાલે બચીઓ ભરતાં હતાં. કયાંય સુધી આ નેહભીનું મિલન વિલસી રહ્યું. મહેતા મૌનપણે પિતા–પુત્રના અદ્વૈત ભાવને જોતા પરમ ઉલ્લાસ અનુભવતા રહ્યા. સંસાર મીઠપની લહરી ઝબક અહીં પથરાઈ રહી હતી. આંબડ, બાહડ પ્રસન્નચિત્તે બેઠા હતાં.

પિતાના આંસુથી ચાંગદેવનું વદન ભીંજાઈ ગયું હતું. અને પુત્રના ચક્ષુ પિતૃપ્રેમથી સજલ બની ગયા હતા. ચાચીગ શેઠની આંખ પુત્રનું અંતર વાંચતી એમાં પરોવાઈ ગઇ, પણ ત્યાં તો નિરવધી પ્રેમ છલકાઇ રહ્યો હતો. કશો જ ભય, કશી જ અસુયા, સંકોચનું આછું–પાતળુંય અસ્તિત્વ નહોતું. એ પ્રેમસાગર ચાચીગ શેઠને અતલ–ઊંડાણમાં ખેંચી ગયો. એ અંતરતળમાં હેતના સાત સાગર છલકી રહ્યા હતા. શાંત, સ્વચ્છ, અગાધ મહાસિંધુમાં એ અજાણપણે ડુબી ગયા હતા. પુત્રની ખોજ કરવા આવેલો વણિક પિતા પોતે જ ખોવાઇ ગયો. સિદ્ધપુરુષે પાંપણના પલકારે પારખી લીધેલા એ મહાચેતન શશીનું આ વિરાટ સ્વરૂપ દર્શન કરતાં ચાચીગ શેઠ સ્થળ–કાળ ભુલી ગયા. કરુણા ભીંજી આ ભાવસમાધિમાં કેટલોય સમય વીતી ગયો. આંખ ખોલી ત્યારે એમાં એક મધુર સ્વપ્ન રમી રહ્યું હતું.

એ સ્વપ્નમાંથી જાગ્યા, સ્વસ્થ થઇ ગયા. એમને

હવે કોઈ આશ્વાસનની જરૂર નહોતી. મહેતા તો શાંતિનો જરાય ભંગ ન થાય એમ ભાવોદ્રેક નિહાળતા અપલક નયને સ્વસ્થ બેઠા હતાં. ત્યાં ગૃહાંગણના દ્વારેથી સોહાગદેના કંઠમાંથી માયાભર્યો અવાજ આવ્યો : "બાપુજી ! સ્નાન–પૂજન પતાવો. જમવાનો સમય થવા આવ્યો છે. પછી થાકયા પાકયાં આરામ કરો." અને ચાચીગ શેઠ, મહેતા સૌ ગૃહમાં ગયાં. સેવા–પૂજા કરી જમ્યા. આરામ કર્યો. મહેતા ચાચીગ શેઠ સાથે એક સ્વજનની જેમ વાતે વળગ્યા. પેલી મિત્ર બાળત્રિપુટી નજર સામે જ આનંદ–કિલ્લોલ કરતી હતી.

"મંત્રીશ્વરજી ! મારા મનમાં બહુ જ અકળામણ હતી. મારું દિલ 'ચાંગો–ચાંગો' પોકારતું હતું. પણ, જેને ઓલીયાએ અણુસારે ઓળખી લીધું એ ચેતનારૂપને હું પારખી શકયો નહીં મહેતાજી ! ચાંગદેવ દિવાલોમાં સમાશે નહીં. એને આજ હું પામી શકયો છું. એ બાળક છે, એનું જતન કરજો." ચાચીગ શેઠે હૈયામાં ઉગી ઉઠેલી વાત કરી દીધી. એમનું મન સાવ હળવું બની ગયું હતું.

"શેઠીયા ! આપણે એનાં શું જતન કરીશું ! એ આપણા જતન કરશે. આપણા યોગક્ષેમ એ સાચવશે. તમારું કુળ પાવન બની ગયું. પાહિણીબા અને તમે બડભાગી છો !" મહેતાની અંદર વેદના ઉપશાંત બની ગઈ. મથામણ વિરમી ગઈ હતી.

સોહાગદે અને મંત્રીશ્વરની મમતાભરી મહેમાનગતિ માણીને ચાચીગ શેઠ ઘર તરફ વળ્યા ત્યારે એમનું મન હળવું બની ગયું હતું. ચાંગદેવને મીઠું ચુંબન ભર્યું... આંબડ–બાહડના વાળમાં વહાલભર્યા હાથ ફેરવ્યા.

(ક્રમશઃ)

With Best Compliments Fram :

**Kirtikumar Chandulal & Company**

: Dealers in :

WAXES, SHELLACS & SIZING MATERIALS.

Grams : " CHANDUCO "
Phones : 322773, 328138 & 338407.

50, Isaji Street, Vadgadi,
BOMBAY-400 003.

*With Best Compliments From :—*

Telephones : 26 21 93–26 92 06
Telegram : SHIPSOON
Telex : CKSN-11-5434.

**Chhotalal Keshavjee Shah & Sons**

**Clearing, Forwarding, Shipping, Warehousing & Claim Recovering Agents.**

6/12, Calicut Street, Nazir Building, Ballard Estate, BOMBAY-400 038

**HARSHADRAY PRIVATE LIMITED**

Regd. Office : (Phone : 266281)
Jiji House, Raveline Street, BOMBAY-400 001.

INDENTING AGENTS FOR GAS CUTTING MACHINE, WELDING EQUIPMENTS, 'TUFLIN' PLUG BUTTERFLY VELVES, CONTROL VALVES, PROCESS INSTRUMENTS ETC.

स्थापना :
वि. सं. १९९०

# श्री आत्मानंद जैन सभा

टेलीफोन :
33 ६० ०२

## ( श्री खीमजी हेमराज छेडा-सभागृह )

३९/४१ धनजी स्ट्रीट, बीजे माळे, मुंबई-४०० ००३

**नम्र अपील :** युगवीर पूज्य आ०श्री विजयवल्लभसूरीश्वरजी म० सा०नी सम्यक् प्रेरणाथी ४० वर्ष पूर्वे स्थपाएल आ संस्थाना

● **मुख्य उद्देशो:** (१) धार्मिक, सामाजिक, ऐतिहासिक साहित्य प्रकाशन. (२) जैन महापुरुषो अने त्यागीओना जयंतिनी उजवणी. (३) जैन धर्म अने तत्त्वज्ञानना प्रचार. (४) साधर्मिकोनी मानभरी भक्ति अने मध्यमवर्गना उत्कर्षनी विविध प्रवृत्तिओ तेम ज जिनालय जीर्णोद्धार.

● **अनुरोध :** समाज उत्थाननी अनेक प्रवृत्तिओ करती आ संस्थाने आपश्री रू. ५०१) आपी पेट्रन या रू. १०१) आपी आजीवन सभ्य बनी सहकार आपवा विनंती छे. पूज्य साधु-साध्वीमहाराजोना आशीर्वाद, समाजनो तन-मन-धननो सहकार अने संस्थाना कार्यकरोना निःस्वार्थ प्रयास द्वारा संस्था समाजने वधु ने वधु उपयोगी बनी रहेशे.

जयंतीलाल रतनचंद शाह-प्रमुख.
कांतिलाल चुनीलाल चोकसी-उपप्रमुख.
कांतिलाल हरगोविंददास शाह-खजानची.

लि०

रसिकलाल नाथालाल कोरा,
उमेदमल हजारीमल जैन,
दामजी कुंवरजी छेडा-मा. मंत्रीओ.

**खास योजना :** पर्युषण पर्व प्रसंगे ज्ञानप्रचार निमित्ते संस्था द्वारा प्रकाशित नीचेना पुस्तको खास घटाडेला दरे फक्त ता. २१-८-८१ थी ता. २४-९-८१ सुधी मळशे. सौने लाभ लेवा विनंती छे नकलो मर्यादित होय वहेलो ते पहेलोना धोरणे मळशे.

### श्री आत्मानंद जैन सभा प्रकाशन

| पुस्तकनुं नाम | मूळ किं. | हालनी किं. |
|---|---|---|
| आ०श्री विजयवल्लभसूरि जीवनचरित्र भाग १ थी ६ ... | २-५० | १-२५ |
| वल्लभ काव्य सुधा ... ... | ३-०० | २-०० |
| आ०श्री विजयसमुद्रसूरि जीवनचरित्र भाग : १ .. ... | ५-०० | ३-०० |
| वल्लभसुधावाणी ... ... ... | १-५० | १-०० |
| मुनिश्री वल्लभदत्तविजयजी जीवनचरित्र ... ... .. ... | १-५० | १-०० |
| शत्रुंजय माहात्म्य ( हिंदी ) भा. १ | ५-०० | ३-०० |
| विजयवल्लभ शताब्दी स्मारिका (हिंदी) | ५-०० | ३-०० |
| विविध पूजा संग्रह ( हिंदी ) ... | ५-०० | ३-०० |

### श्री वल्लभसूरि स्मारकनिधी

| पुस्तकनुं नाम | मूळ किं. | हालनी किं. |
|---|---|---|
| समयदर्शी आचार्य ( विजयवल्लभसूरि ) ... ... | २-०० | १-०० |
| जैन साहित्य ... ... | १-२५ | ०-५० |
| JAINISAM ( अंग्रेजी ) ... | १-५० | १-०० |
| Lord Mahavira ( „ ) ... | १-०० | ०-५० |
| Speeches of Virchand R. Gandhi ... | १-०० | ०-५० |
| Lord Mahavira & Jainisam... ... ... | १-०० | ०-५० |

## અમદાવાદ-પાંજરાપોળ ઉપાશ્રય

પ૦ પૂ૦ આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ૦ આદિ ઠા. ૧૩ના અત્રે ચતુર્માસ આગમનથી ધર્મોલ્લાસનું વાતાવરણ સારું જામ્યું છે.

પૂજ્ય આચાર્ય ભ૦શ્રી વ્યાખ્યાનમાં શ્રી ધર્મરત્ન પ્રકરણ અને શ્રી ચંદ્રકેવલી ચરિત્ર વિશદ શૈલીમાં વાંચે છે ને શ્રોતાઓ સારી સંખ્યામાં રસપૂર્વક લાભ લે છે. દરરોજ પ્રભાવના થાય છે. બપોરે ૩થી ૪ પૂજ્યશ્રી આચારાંગસૂત્રની વાંચના આપે છે. રોજ પ્રતિક્રમણમાં ૪૦-૫૦ ભાવુકો થાય છે, અને પ્રભાવના થાય છે.

શ્રી અરિહંત, સિદ્ધ ભગવંત તથા આચાર્ય ભગવંત આદિના સાડાબાર હજારના જાપપૂર્વક દરેક વખત ૩૨૫ આયંબિલ સહિત સુંદર આરાધના થઈ હતી. સમૂહ સ્નાત્ર અને દેવવંદન કરવાવાળાને ૫૦ પૈસાની પ્રભાવના થયેલ. દરેક પદની આરાધનામાં રૂપિયા-રૂપિયાની પ્રભાવના થઈ હતી. પાઠશાળામાં બાળક-બાલિકાઓને પેંડાની પ્રભાવના કરવામાં આવી.

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભ૦ના સાડાબાર હજારના જાપપૂર્વક સમૂહ ૧૨૮ અઠ્ઠમ તપની આરાધના થઈ હતી. દરેક તપસ્વીઓને ૪૦ રૂ. ની વસ્તુ આદિની પ્રભાવના કરવામાં આવી હતી. ત્રણે દિવસ આયંબિલ તથા એકાસણા ૩૨૫ થયેલ અને તેઓને ૫૦૦ ગ્રામ સાકર અને રૂપિયાની પ્રભાવના કરવામાં આવી.

પૂજ્ય આચાર્ય ભ૦શ્રી ધનાસુતારની પોળમાં સાધ્વીજીના ૧૫ ઉપવાસ નિમિત્તે બેન્ડવાજા સહિત સકલ સંઘ સાથે પધારેલ. પ્રવચન બાદ સંઘપૂજન થયું હતું. તેમ જ રૂપા સુરચંદની પોળમાં સાધ્વીજીના માસક્ષમણની તપશ્ચર્યા નિમિત્તે બેન્ડવાજા સાથે પધારતા, ત્યાં પણ પ્રવચન, પ્રભાવનાદિ થયેલ. આ પ્રસંગે શામળાની પોળના તપાગચ્છ ઉપાશ્રયેથી પૂ૦ આ૦શ્રી વિજયનીતિપ્રભસૂરિજી મ૦ પણ પધારેલ.


卐 મોક્ષમાર્ગને પ્રકાશિત કરો !

વિશ્વના સમસ્ત પદાર્થોને જેમણે પ્રકાશિત કર્યાં છે, મિથ્યાત્વરૂપી અનંતગાઢ અંધકારનો જેમણે નાશ કર્યો છે, જે હમેશાં ઉદયવાળા રહે છે અને જે તાપથી રહિત છે એવા શ્રી વર્ધમાનસ્વામી ભગવાન રૂપી સૂર્ય મોક્ષમાર્ગને પ્રકાશિત કરો.

**પુરશોત્તમ સુરચંદ**

○ તેલના વેપારી અને
○ કમીશન એજન્ટસ

□ ૨૯, મંગળદાસ રોડ, શામળદાસ ગાંધી માર્ગ, પો. બો. નં. ૨૧૨૨, મુંબઈ-૪૦૦ ૦૦૨.
□ Telex : PUSU 011-5184 □ Gram : "HARIBHAKTI"
□ ફોન : ઓફિસ : ૩૧ ૫૭ ૬૯/૩૧ ૫૨ ૩૩/૩૧ ૨૯ ૯૭.
નિવાસસ્થાન : ૬૯ ૨૮ ૬૧/૬૯ ૪૮ ૪૨/૩૬ ૦૭ ૪૪.
બોરદેવી બ્રાન્ચ : ૧૧-૧૩, ભાડુંપ સ્ટ્રીટ, દાણાબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯
ફોન : બ્રાન્ચ : ૩૨ ૪૫ ૧૪/૩૨ ૪૫ ૯૨/૩૪ ૩૩ ૨૦.
નિવાસસ્થાન : ૪૭ ૪૫ ૫૬ / ૪૭ ૫૨ ૪૬

## એલાણા (જિ. જાલોર-રાજ.)

પૂ૦ મુનિશ્રી તેજપ્રભવિજયજી તથા મુનિશ્રી તત્ત્વજ્ઞવિજયજી ઠા.૨ દેબાવાસમાં સંપ કરાવી તેમજ ૧૨ વર્ષથી તૈયાર થયેલ નૂતન જિનમંદિરમાં શ્રી સંભવનાથ આદિ બિમ્બોનો પ્રવેશ કરાવી, નૂતન ઉપાશ્રયનું નક્કી કરાવી, ત્યાંથી માંડવલા થઇ અ. સુદ ૩ ના એલાણા મુકામે ચાતુર્માસ પ્રવેશ કર્યો છે. આજ દિવસે બપોરે ચોમાસા સંબંધી ચઢાવાઓ થતાં રેકર્ડ ઉપજ થઈ હતી. સુદ ૪ થી મુનિશ્રી તત્ત્વજ્ઞવિજયજીએ ૫૯મી વર્ધમાનતપની ઓળી શરૂ કરી છે.

અ. સુદ ચૌદશના ૮૧ આયંબિલ થયા હતા. વદ ૫ થી નવકારમંત્રના નવ એકાસણા થતાં, તેમાં તપસ્વીઓની સંખ્યા અને ભક્તિ સારી થઇ હતી. શ્રા. સુદ ૨ થી પંચરંગી તપ સારી સંખ્યામાં થયા. આ ઉપરાંત ચંદનબાળાના અઠ્ઠમ, શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ વગેરે તપારાધના પણ ઉલ્લાસ પૂર્વક થઇ છે.

પૂજ્યશ્રીના વંદનાર્થે બહારગામથી ભાવિકોનું આવાગમન સારું રહે છે. શ્રા. સુદ ૭ના પૂજ્યશ્રીના સંસારી ભાઈ, બહેન, બનેવી વગેરે દર્શનાર્થે આવેલ. તેમના તરફથી ગામમાં સાકર, નારીયેળના ગોટાની પ્રભાવના તથા પૂજાદિ થયેલ. વ્યાખ્યાનમાં ભાવુકો સારી સંખ્યામાં આવે છે. આરાધના સારી થાય છે. ગામનો ઉત્સાહ પણ સારો છે.

---


અનુયોગ પ્રવર્તક પં. રત્ન મુનિશ્રી કન્હૈયાલાલજી ‘કમલ’ સંપાદિત

# આગમ સાહિત્ય

| | | |
|---|---|---|
| ૧. | ગણિતાનુયોગ (મૂળ તથા હિન્દી અનુવાદ) પૃ. ૬૦૦ (કમીશન વગર) ૪૫ જૈનાગમોમાં વર્ણિત ભૂગોળ-ખગોળનું વર્ગીકૃત સંકલન ... ... .. | રૂ. ૧૦૦ |
| ૨. | જૈનાગમ નિર્દેશિકા (હિન્દી) ૪૫ આગમોની વિસ્તૃત વિષયસૂચિ પૃ. ૧૦૦૦ .. | રૂ. ૫૦ |
| ૩. | સ્થાનાંગસૂત્ર (મૂળ તથા હિન્દી અનુવાદ) પૃ. ૧૨૦૦ ... ... .. | રૂ. ૨૫ |
| ૪. | સમવાયાંગસૂત્ર (મૂળ તથા હિન્દી અનુવાદ) પૃ. ૫૦૦ ... ... .. | રૂ. ૧૦ |
| ૫. | આયારદશા (દશાશ્રુતસ્કંધ સૂત્ર) હિન્દી અનુવાદ વિવેચન સાથે પૃ. ૨૦૦ .. | રૂ. ૧૫ |
| ૬. | મૂલસુત્તાણિ (ચાર મૂળ સૂત્ર) ગુટકા સાઈઝ. પૃ. ૭૫૦ ... ... .. | રૂ. ૧૫ |
| ૭. | સ્વાધ્યાયસુધા (દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નંદી, તત્ત્વાર્થ સૂત્ર, ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્ર આદિ) ગુટકા સાઈઝ. પૃ. ૫૦૦ ... ... | રૂ. ૧૦ |
| ૮. | આયારદશા (માત્ર મૂળપાઠ) ગુટકા સાઈઝ. પૃ. ૧૫૦ ... ... ... .. | રૂ. ૫ |
| ૯. | ભાષ્ય કહાનિયાં (હિન્દી) પૃ. ૧૫૦ ... ... ... ... | રૂ. ૫ |
| ૧૦. | કપ્પસુત્તં (મૂળ તથા હિન્દી) પૃ. ૧૫૦ ... ... ... ... | રૂ. ૧૫ |
| ૧૧. | કપ્પસુત્તં (બૃહદ્ કલ્પસૂત્ર) ગુટકા સાઇઝ. ... ... ... .. | રૂ. ૫ |
| ૧૨. | વ્યવહાર સૂત્ર (હિન્દી અનુવાદ અને વિવેચન સહિત) ... ... ... | રૂ. ૧૫ |
| ૧૩. | વ્યવહાર સૂત્ર (ફક્ત મૂળપાઠ) ગુટકા સાઈઝ ... ... .. | રૂ. ૫ |
| ૧૪. | છેદ સૂત્રાણિ (બૃહદ્ કલ્પ, આયારદશા, વ્યવહાર સૂત્ર) હિન્દી અનુ. સાથે .. | રૂ. ૪૫ |
| ૧૫. | છેદ સૂત્રાણિ ( ,, ,, ,, ) મૂળ ગુટકા ... .. | રૂ. ૧૫ |

તા. ૩૦-૯-૮૧ સુધીમાં પુસ્તકો ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

સંપર્કસ્થાન :-

શ્રી હર્ષદકુમાર કે. શાહ
લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર,
નવરંગપુરા, અમદાવાદ-૯.

શ્રી મનોહરકુમાર તારાચંદ
પારેખ મહાલ, દુકાન નં , એન. જે. રોડ,
શિવાજી પાર્ક, માહિમ, મુંબઈ.
ફોન નં. ૪૬૧૯૮૮

# મદ્રાસમાં અપૂર્વ શાસનપ્રભાવના

**પ્રવચન પ્રભાવ**

પૂજ્ય શાસન પ્રભાવક આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ સા૦ના અત્રે મીન્ટ સ્ટ્રીટમાં ચાતુર્માસ આગમન સાથે જ અમાપ ઉલ્લાસ પ્રગટયો છે. પ્રવચનમાં પૂ૦ આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજ કૃત "ધર્મબિંદુ" ઉપર પ્રેરણાત્મક, અધ્યાત્મક શૈલીથી, શાસ્ત્રીય વાતોને વિજ્ઞાનીક ઢંગથી રજુ કરતાં હોય નવયુવકોમાં તથા જૈનોના ત્રણે સંપ્રદાયના ભાઈ–બહેનોમાં તેમજ જૈનેતર સમાજમ અપૂર્વ જાગૃતિ આવી છે. અને આ કારણે આરાધના ભવનનો નવો હોલ જે લગભગ ૨૫ લાખના ખર્ચે ભવ્ય રીતે બંધાયેલો છે અને જેમાં પાંચ હજાર શ્રોતાઓનો સમાવેશ થઇ શકે છે, તે પણ આજે નાનો પાડવા માંડયો છે. આ બધો આચાર્યશ્રીની વાણીનો અદ્‌ભૂત પ્રભાવ છે, જે મદ્રાસના ઈતિહાસમાં અપૂર્વ અને યાદગાર રહેશે.

**દર્શનાર્થે વિશિષ્ટ વ્યક્તિઓનું આગમન**

પૂ૦ આચાર્ય મહારાજશ્રીના દર્શનાર્થે ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઇ ઉપાશ્રયે પધાર્યા હતા. શ્રી જૈન સંઘે તેમનું બહુમાન કર્યું હતું. મોરારજીભાઈ પૂ. આચાર્યશ્રીના સમાગમથી આનંદ પામ્યા હતા અને ૨૦–૨૫ મીનીટ સુધી જુદા જુદા વિષયો પર ચર્ચા–વિચારણા કરી હતી.

તદુપરાંત ગૃહમંત્રીશ્રી ઝૈલસિંહ પણ આચાર્યપ્રવરના દર્શનાર્થે તથા આશીર્વાદ લેવા માટે ખાસ આવ્યા હતા. શ્રી જૈન સંઘે તેમનું બહુમાન કર્યું હતું. તેના જવાબમાં શ્રી ઝૈલસિંહે કહ્યું હતું કે, સાધુઓને સરકારની જરૂર નથી પણ સરકારને દેશના ઉત્થાન માટે સાધુઓની ખાસ જરૂર છે.

પૂ૦ આચાર્યશ્રીએ તેમની પાસે અંતરીક્ષ શ્રી પાર્શ્વનાથની ઘટનાઓ, રાજસ્થાનમાં મુનિઓ પર થએલા હુમલા વગેરેની ચર્ચા કરી હતી. ગૃહમંત્રી શ્રી ઝૈલસિંહે તે માટે યોગ્ય પગલાં ભરવા માટે આશ્વાસન આપ્યું હતું. અને બીજીવાર પણ દર્શન કરવાની ભાવના દર્શાવી હતી.

**દાનનો પ્રવાહ**

પૂ૦ આચાર્ય મહારાજશ્રીની પ્રેરણાથી કેશરવાડી તીર્થ, હસ્તગીરી તીર્થ, વિજયવલ્લભ સ્મારક નિધિ ટ્રસ્ટ–દિલ્લી તેમજ અન્ય સ્થાનોના દેરાસરો તથા ઉપાશ્રયો માટે લાખો રૂપીઆનો ફાળો ઉદારતાપૂર્વક થએલ છે. અને બીજા પણ સ્થાનીય અધુરા રહેલા કાર્યોમાં જનતા ઉદારતા પૂર્વક સહયોગ આપી રહેલ છે.

**હિંદી પંચાંગનો ઉદ્‌ઘાટન સમારોહ**

તા. ૧૦–૯–૮૧ના રોજ અરુણોદય ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત હિંદી પ્રત્યક્ષ પંચાંગનો ઉદ્‌ઘાટન સમારોહ ભવ્ય રીતે ઉજવવા માટે શ્રીસંઘ તૈયારી કરી રહેલ છે. આ સમારોહમાં ભાગ લેવા માટે શેઠશ્રી શ્રેણીકભાઇ કસ્તુરભાઈ, ભૂતપૂર્વ મંત્રીશ્રી ચીમનભાઇ પટેલ આદિ વિશિષ્ટ મહેમાનો આવશે.

**કાયમી સ્મૃતિ**

પૂ૦ આચાર્યપ્રવરની મદ્રાસમાં કાયમી સ્મૃતિ રહે તેવી શુભ પ્રવૃતિ માટે એક ઉદારમના ભાઈએ ઘેર પગલાં કરાવી ૨૧ લાખ રૂપીઆની માતબર રકમ ખર્ચવા ઉદારતા બતાવેલ છે. જે સાંભળી શ્રીસંઘમાં ખૂબ જ ઉલ્લાસ પ્રવર્ત્યો છે.

**તપશ્ચર્યાની હેલી**

પૂ૦ આચાર્યભગવંતશ્રીની પ્રેરણાથી ૧૦ ઉપરાંત માસખમણ તેમજ ૧૬–૧૫–૧૧–૮ આદિ ઘણી તપશ્ચર્યાઓ ચાલુ છે. સીમંધરસ્વામીના લગભગ ૮૦૦ અઠ્ઠમો થયા હતા. બીજી પણ નાની-મોટી તપસ્યાઓ ખૂબ જ ઉલ્લાસપૂર્વક થઈ રહી છે.

**વ્યવસ્થા**

બહારગામથી દર્શનાર્થે આવતા મહેમાનોને માટે રહેવાની તેમજ જમવાની સુંદર વ્યવસ્થા શ્રીસંઘે કરી છે.

આમ, પૂ૦ આચાર્યમહારાજના આગમનથી મદ્રાસ ધર્મપુરી બની રહેલ છે, અને શાસનની સુંદર પ્રભાવના થઈ રહી છે.

# ચાતુર્માસ યાદી અંગે

'જૈન'ના ગત તા. ૧૫-૮-૮૧ના અંકમાં જુદા જુદા સમુદાયોના પૂજ્ય આચાર્યાદિ શ્રમણભગવંતો આદિની ચાલુ વર્ષના ચાતુર્માસ સ્થળની યાદી પ્રગટ કરવામાં આવે હતી. આ યાદીમાં કેટલીક વિગત —નામ, સરનામું, ગામ કે ઠાણામાં અધુરી વિગત કે ભૂલ ભરેલી વિગત જે છપાઇ તે અત્રે સુધારા-વધારા સાથે પ્રગટ કરીએ છીએ. ગતાંકના પાના નંબર, કેટલામી કોલમ અને નામ સાથે આ વિગત દર્શાવવામાં આવી છે.

પાનું કો.

૧ ૩ મુનિશ્રી વાચસ્પતિવિજયજી મ૦,
બારિયા બિલ્ડીંગ, જકરીયા રોડ,
કોટન ગ્રીન, મુંબઈ-૧૫

૨ ૧ આ૦શ્રી વિજયસુદર્શનસૂરિજી મ૦
આદિ ઠાણા ૩ કડી

૨ ૩ મુનિશ્રી મહાયશવિજયજી મ૦
શિવગંજ નહીં પણ.... જુનાડીસા

૨ ૩ મુનિશ્રી તત્ત્વપ્રભવિજયજી મ૦
(હાલાર) ગોઈંજ

૨ ૩ મુ૦ નયરત્નવિ૦ તથા મુ૦ જયરત્ન વિ૦
૧૨૧, કેડલ રોડ, કાપડ બાજાર,
માહિમ, મુંબઈ-૧૬

૩ ૩ મુનિશ્રી મનોજ્ઞસાગરજી મ૦
આંબાવાડી, અમદાવાદ-૧૫

૩ ૩ આ૦શ્રી વિજયન્યાયસૂરિજી મ૦
આદીશ્વર જૈન દેવસ્થાન પેઢી,
સ્ટે. ફાલના (રાજસ્થાન) ધાણેરાવ

૪ ૨ મુનિશ્રી તેજપ્રભવિજયજી મ૦
મુ. સેલાણા નહીં પણ.... એલાણા

૬ ૧ મુનિશ્રી ગૌતમવિજયજી મ૦
ખીમત નહીં પણ... જાવાલ (રાજ૦)

૭ ૧ મુનિશ્રી વિનીતવિજયજી મ૦
(જિ. ગાંધીનગર) ઉનાવા

૭ ૩ મુનિશ્રી ચંદ્રપ્રભવિજયજી શંખેશ્વર

૮ ૨ આ૦શ્રી વિજયરત્નશેખરસૂરિજી મ૦
જૈન શાળા, રાધનપુર

૮ ૨ સાધ્વીશ્રી સુશીલાશ્રીજી
નવાડીસા નહીં પણ... બાપલા

૯ ૧ મુ૦શ્રી રાજેન્દ્રમુનિજી તાલ (મ. પ્ર.)

## પૂ૦ સાગરાનંદસૂરિજી મ૦નો સમુદાય

— શ્રમણસમુદાયમાં રહી ગયેલ
મુનિશ્રી નંદીઘોષસાગરજી મ૦ ૨
(મધ્યપ્રદેશ) મંદસૌર

— ગતાંકમાં પાનું ૧૧, કોલમ પેલીના મથાળે "(૧) સ્વ૦ સાધ્વીશ્રી તિલકશ્રીજી મ૦નો પરિવાર" સમજવો.

— કોલમ બીજીમાં બે નામ ગામ વગર છે, જે
સાધ્વીશ્રી વિનયધર્માશ્રીજી ઠા. ૨, મુ. બરોરા
અને સાધ્વીશ્રી પ્રિયધર્માશ્રીજી આદિ નાગપુર
ઈતવારી, ગુલાબસાવ ગલી (મહારાષ્ટ્ર)

— ઉમેરો : સાધ્વીશ્રી મહાનંદાશ્રીજી ૨
(જિ. આકોલા) અંતરીક્ષજી-શીરપુર

## નવી પ્રાપ્ત ચાતુર્માસ યાદી

[ ગતાંકમાં રહી ગયેલ અને નવી પ્રાપ્ત થયેલ ચાતુર્માસ યાદી નીચે પ્રગટ કરી છે. ]

પૂ૦ આ૦શ્રી વિજયવિવેકચંદ્રસૂરિજી મ૦,
મુનિશ્રી ચંદ્રવિજયજી મ૦ ૩
અંકુર સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા-૧

પૂ. પં.શ્રી વિબુધવિજયજી ગણિ આદિ
(જિ વલસાડ) અમલસાડ

પૂ. પં.શ્રી પૂર્ણાનન્દવિજયજી ગણિ મુંબઈ-૬૭
ભુલાભાઈ દેસાઇ રોડ, કાંદીવલી (વેસ્ટ).

પૂ. પં.શ્રી સુબોધવિજયજી ગણિ અમદાવાદ-૬
ભાનુપ્રભા જૈન સેનેટોરીયમ, એલીસબ્રીજ.

મુનિશ્રી હંસસાગરજી મ૦,
મુનિશ્રી ચારિત્રસાગરજી મ૦ ૫
મુનિશ્રી કનકવિજયજી મ૦ આદિ
ગોલવાડ ઓસવાલ જૈન ભવન,
૯૮/૧૦૨, કીકા સ્ટ્રીટ, મુંબઈ-૪

મુનિશ્રી સૌભાગ્યવિજયજી મ૦ આદિ
જિ. જાલોર ( રાજસ્થાન ) લેટા
મુનિશ્રી સુબોધવિજયજી મ૦ આદિ
વાયાઃ હિંમતનગર ( સાબરકાંઠા ) ઢુંઢર
મુનિશ્રી પ્રીતિવિજયજી મ૦ આદિ
જામનગરવાળી ધર્મશાળા, પાલીતાણા
મુનિશ્રી નેત્રાનંદવિજયજી મ૦ ૨
નવી ચાલ ( જિ. થાણા-મહારાષ્ટ્ર ) ભીવન્ડી
મુનિશ્રી યશોભદ્રવિજયજી ઠા. ૨ ઈન્દોર
મુનિશ્રી ચંદ્રસેનવિજયજી ( રાજસ્થાન ) પાલી
મુનિશ્રી વિમલસેનવિજયજી મ૦ આદિ
ઓસવાલ જૈન સંઘનો ઉપાશ્રય,
જિ. સિરોહી ( રાજસ્થાન ) કાલન્દ્રી
મુનિશ્રી વીરવિજયજી મ૦ દારુહાવાળા
૯૫, જવાહરનગર, ગોરેગાંવ (વેસ્ટ) મુંબઈ-૬૨
મુનિશ્રી આનંદવિજયજી મ૦ ૨
કોઠીપોળ જૈન ઉપાશ્રય, રાવપુરા, વડોદરા
મુનિશ્રી મતિશેખરવિજયજી મ૦ ધંધુકા

મુનિશ્રી માનતુંગવિ૦ ( સેવક ) માણસા [ ઉ. ગુ. ]
મુનિશ્રી જિનસેનવિજયજી ૨
સ્ટે. જવાઈબાંધ ( રાજસ્થાન ) ઉથમણ
મુનિશ્રી ચિરંતનવિજયજી કચ્છ-માંડવી
મુનિશ્રી ચંદ્રયશવિજયજી વઢવાણ શહેર
મુનિશ્રી કિરણવિજયજી મ૦ આદિ
તા. રાપર ( કચ્છ-વાગડ ) ભુટકીઆ
મુનિશ્રી દર્શનવિ૦, મુનિશ્રી કલાપ્રભવિ૦ આદિ
વાયાઃ સામખીયાલી ( કચ્છ-વાગડ ) આધોઈ
મુનિશ્રી માણેકવિજયજી મ૦ ગોધરા ( કચ્છ )
મુનિશ્રી હીરવિજયજી આદિ અમદાવાદ-૫
આત્મ-વલ્લભ જૈન જ્ઞાનમંદિર, સાબરમતી.
પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિ આદિ
જિ. અમૃતસર ( પંજાબ ) પટ્ટી
પૂ. પં.શ્રી સુભદ્રવિજયજી ગણિ આદિ
પંચનો ઉપાશ્રય ( જિ. ખેડા ) કપડવંજ
મુનિશ્રી નીતિસાગરજી મ૦ આદિ
તા. સાવરકુંડલા ( સૌરાષ્ટ્ર ) જેસર


ક્ષમામાં સ્વીકાર છે, પ્રતિકાર નથી.
જ્યાં પ્રતિકાર છે ત્યાં ઘર્ષણ છે.
જ્યાં સ્વીકાર છે ત્યાં મૈત્રી છે.

M/s. MAHASUKHLAL LAXMICHAND SHETH
M/s. M. L. ENTERPRISE
M/s. RUPAL ENTERPRISE
M/s. MILAN TEXTILES

59/60/61-A, Krishna Galli, Swadeshi Market
326, Kalbadevi Road, BOMBAY-400 002
Phone : Office : 294984, Resi. : 576394, 567084

મુનિશ્રી વીરવિજયજી મ૦ આદિ
રેલ્વે. આબૂ રોડ ( રાજસ્થાન ) સીલદર

મુનિશ્રી નવ[illegible]તિવિ૦, મુનિશ્રી ક્ષમાશીલાવ૦
હરીપુરા, સુરત

મુનિશ્રી પ્રવિણવિજયજી ( રાજ૦ ) અગવરી

મુનિશ્રી અજિતવિજયજી મ૦ મુ. ખેડીશીશ
વાયાઃ હિન્ડોન ( રાજસ્થાન ) પો. વરગામા

મુનિશ્રી કીર્તિરાજવિજયજી મ૦ આદિ
ઓસવાળ જૈન ઉપાશ્રય, માણેક ચોક, ખંભાત

મુનિશ્રી વિક્રમવિજયજી મ૦ આદિ
( જિ. જામનગર ) લાખાબાવળ

મુનિશ્રી ક્રાંતિવિજયજી સુરેન્દ્રનગર

## શ્રી શાદીલાલજી જૈનનું નિધન

જાણીતા ઉદ્યોગપતિ, દાનવીર, સમાજરત્ન શ્રી શાદીલાલજી જૈનનું, ૭૫ વર્ષની વયે, ટૂંકી માંદગીમાં, મુંબઈ ખાતે, તેમના નિવાસસ્થાને, તા.૬–૮–૮૧ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમની અંતિમયાત્રામાં દરેક ધર્મો અને વર્ગોના હજારો નરનારીઓ જોડાયા હતા. સર્વશ્રી સાહુ શ્રેયાંસપ્રસાદજી જૈન, લાલચંદ હીરાચંદ દોશી, અક્ષયકુમાર કાસલીવાલ, પ્રતાપભાઈ ભોગીલાલ, જે. એચ. દોશી તેમજ અન્ય ઉદ્યોગપતિઓ, ન્યાયધીશો, વકીલો, વ્યાપારીઓ સામાજિક કાર્યકરો વગેરે પણ વિશાળ સંખ્યામાં જોડાયેલા. દિવંગત જૈન પોતાની પાછળ છ પુત્ર, ચાર પુત્રીઓ, પૌત્ર–પૌત્રીઓના વિશાળ પરિવાર તથા સેવાની સુદૃઢ પરંપરા છોડી ગયા છે.

અમૃતસરના સ્થાનકવાસી જૈન સંસ્કારી પરિવારમાં જન્મેલ શ્રી શાદીલાલજી જૈન મુંબઈના ભૂતપૂર્વ મેયર, ભારત જૈન મહામંડળના માનદ્ મંત્રી, પંજાબ જૈન ભાતૃસભા–ખારના અધ્યક્ષ, કટલરી મરચન્ટ એસોસિએસનના આજીવન અધ્યક્ષ, રોટેરિયન તથા દેશની સેંકડો ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સંસ્થાના સક્રિય પદાધિકારી અને સહયોગી હતા. લાયન્સ પેન્સીલ પ્રા. લિ. મુંબઈ તથા દિલ્લી, ફરીદાબાદ વગેરે શહેરના જુદા જુદા ઉદ્યોગોના ડાયરેકટર પણ હતા. સ્વભાવે ઉદાર મિલનસાર અને ગુણગ્રાહી હતા. દિવંગતના આત્માની ચિરશાંતિ પ્રાર્થીએ છીએ.


શ્રી જૈન શ્વેતામ્બર

# શ્રી કરેડાજી પાર્શ્વનાથજી તીર્થ

( સ્ટેશન : ભુપાલસાગર, રાજસ્થાન )

### યાત્રાર્થે અવશ્ય પધારો

આ તીર્થ ઘણું પ્રાચીન છે. તેનું કયારે નિર્માણ થયું, તેનો ઇતિહાસ જાણવો આજ પણ મહત્ત્વપૂર્ણ છે. તેનો પૂર્વે જીર્ણોદ્ધાર માંડવગઢના મહામંત્રી પેથડ શાહ તથા તેમના પુત્ર ઝંઝણકુમાર દ્વારા થયાનો ઉલ્લેખ ગ્રન્થોમાં જોવા મળે છે.

આ તીર્થનો જીર્ણોદ્ધાર તાજેતરમાં જ શ્રી શંખેશ્વર ભોયણીજી તીર્થ પેઢી દ્વારા કરવામાં આવ્યો છે. અને પર ( બાવન ) દેરીઓમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી જુદા જુદા નામોથી બિરાજમાન કરવામાં આવ્યા છે. મૂળનાયક શ્રી કરેડા પાર્શ્વનાથની પ્રતિમાજી પ્રાચીન, શ્યામવર્ણી તેમ જ અત્યન્ત મનોહારી અને ચમત્કારી છે. તેના નિર્મલ ભાવે દર્શન માત્રથી અનેરો આહ્લાદ અને પુણ્યોપાર્જન થાય છે.

અમદાવાદથી ઉદયપુર ચિત્તોડગઢ જવાના રેલમાર્ગે ભુપાલસાગર નામે સ્ટેશન આવે છે. ત્યાંથી ૩ ફર્લાંગ દુર પર આ તીર્થ આવેલ છે. તીર્થ શાંત અને નિર્મળ વાતાવરણમાં આવેલ છે રમણિય તળાવના કિનારે આધુનિક સુવિધાઓથી સુસજ્જ વિશાળ ધર્મશાળા અને ભોજનશાળા છે. અહીં આવાગમન માટે રેલ ઉપરાંત ઉદયપુર, ચિત્તોડગઢ, રાશ્મી, નાથદ્વારા વગેરે સ્થળોએથી ૩૦ ઉપરાંત બસો મંદિરજીની પાસેથી થઈ આવતી જતી હોય છે.

મેનેજર શ્રીકરેડા પાર્શ્વનાથજી, ભુપાલસાગર